સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 41**

[OCTOBER - 2023]
[08/10/23 to 14/10/23]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

CONTACT US : 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**08 OCT-2023**


- દિવસ મહિમા : 08 ઓક્ટોબર, ભારતીય વાયુસેના દિન, વિશ્વ ડિસ્લેક્સિયા દિવસ ........ 02
- ભારતીય વાયુસેનાએ પોતાનો ધ્વજ બદલ્યો ........ 02
- એશિયન ગેમ્સ (Asian Games) 2022 ........ 03
- QUESTION ANSWERS ........ 12


**09 OCT-2023**


- દિવસ મહિમા : 09 વિશ્વ ટપાલ દિવસ, પ્રાદેશિક સેના દિવસ ........ 15
- રાજસ્થાનમાં ત્રણ નવા જિલ્લા બનાવવામાં આવશે ........ 15
- Dakar Declaration : ક્લાઈમેટ ચેન્જ ........ 15
- QUESTION ANSWERS ........ 17


**10 OCT-2023**


- દિવસ મહિમા : 10 રાષ્ટ્રીય ટપાલ દિવસ, વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ ........ 18
- નોબેલ પુરસ્કાર 2023 વિજેતાઓની જાહેરાત ........ 18
- સ્વચ્છ ભારત મિશન-અર્બન ........ 25
- વાર્ષિક સંયુક્ત HADR કવાયત (CHAKRAVAT 2023) ........ 26
- QUESTION ANSWERS ........ 27


**11 OCT-2023**


- દિવસ મહિમા : 11 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ અથવા International Day of the Girl Child ........ 29
- RBI : સતત ચોથીવાર રેપો રેટ 6.5% યથાવત ........ 29
- અરૂણાચલ પ્રદેશના ત્રણ ઉત્પાદનોને GI ટેગ મળ્યો ........ 31
- હિંદ મહાસાગર રિમ એસોસિએશન ........ 31
- QUESTION ANSWERS ........ 33


**12 OCT-2023**


- દિવસ મહિમા : 12 ઓક્ટોબર, વિશ્વ સંધિવા દિવસ ........ 34
- ભારત AIBDના અધ્યક્ષ તરીકે સતત ત્રીજીવાર ચૂંટાયું ........ 34
- ઓપરેશન અજય (Operation Ajay) ........ 34
- વિશ્વ દૃષ્ટિ દિવસ (World Sight Day) ........ 37
- QUESTION ANSWERS ........ 38


**13 OCT-2023**


- આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ ........ 39
- Global Hunger Index 2023માં ભારત 111મા ક્રમે ........ 39
- ઈન્ડિયા-તાન્ઝાનિયા ઈન્વેસ્ટમેન્ટ ફોરમ ........ 41
- QUESTION ANSWERS ........ 43


**14 OCT-2023**


- દિવસ મહિમા : 14 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય ઇ-વેસ્ટ દિવસ, વિશ્વ માનક દિવસ અથવા વિશ્વ માપદંડ દિવસ ........ 44
- World Economic Outlook : IMF ........ 44
- સરસ્વતી સન્માન 2022 ........ 46
- QUESTION ANSWERS ........ 47

ONE LINER ........ 48

QUESTION OF THIS WEEK ........ 54


ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 08 ઓક્ટોબર, (1) ભારતીય વાયુસેના દિન
## (2) વિશ્વ ડિસ્લેક્સિયા દિવસ

### ભારતીય વાયુસેના દિન



ભારતીય વાયુસેના (Indian Air Force)ની સ્થાપના 8 ઓક્ટોબર, 1932ના રોજ થઈ હતી.

- આથી, ભારતમાં દર વર્ષે 8 ઓક્ટોબરના રોજ 'ભારતીય વાયુસેના દિન'ની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતીય વાયુસેના આઝાદી પહેલા 'રોયલ ઈન્ડિયન એરફોર્સ' તરીકે જાણીતું હતું.
- ભારતીય વાયુસેનાનું આદર્શ વાક્ય 'નભ: સ્પૃશં દીપ્તમ્' છે.
- ભારતીય વાયુસેનાનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

નોંધ : (1) ભારતીય વાયુસેનાના વર્તમાન વડા (Chief of Air Staff) શ્રી વિવેક રામ ચૌધરી છે.
(2) 8 ઓક્ટોબર, 2023ના રોજ ભારતીય વાયુસેનાએ તેનો 91મો સ્થાપના દિવસ ઉજવયો છે.
(3) વર્ષ 2023ના ભારતીય વાયુસેના દિવસની થીમ 'IAF-Airpower Beyond Boundaries' છે.

### વિશ્વ ડિસ્લેક્સિયા દિવસ

વિશ્વ ડિસ્લેક્સિયા દિવસ દર વર્ષે 8 ઓક્ટોબરના રોજ ઉજવવામાં આવે છે.

- જે ડિસ્લેક્સિયા ધરાવતા વ્યક્તિઓ દ્વારા સામનો કરવામાં આવતા પડકારોને પ્રકાશિત કરે છે.
- આ ઉપરાંત દર વર્ષે 2 થી 8 ઓક્ટોબર દરમિયાન ડિસ્લેક્સિયા જાગૃતિ સપ્તાહ ઉજવવામાં આવે છે.
- ડિસ્લેક્સિયા એ એક વિશિષ્ટ લર્નિંગ વિકાર છે. જે મુખ્યત્વે વ્યક્તિની વાંચવાની, લખવાની અને જોડણીની ચોક્કસ ક્ષમતાને અસર કરે છે.
- તેમાં વ્યક્તિ લેખિત શબ્દોને ઓળખવા અને ડીકોર્ડિંગ સહિત ભાષા સંબંધિત કાર્યોની પ્રક્રિયામાં મુશ્કેલીઓનો સામનો કરે છે, જોકે ડિસ્લેક્સિયાને બુદ્ધિ સાથે કોઈ લેવા દેવા નથી.
- વર્ષ 2023ના 'વિશ્વ ડિસ્લેક્સિયા દિવસ'ની થીમ 'Uniquely You' છે.

## ભારતીય વાયુસેનાએ પોતાનો ધ્વજ બદલ્યો

ભારતીય વાયુસેનાએ ઉત્તરપ્રદેશમાં એરફોર્સ સ્ટેશન બમરૌલી (પ્રયાગરાજ) ખાતે ભારતીય વાયુ સેનાના 91માં સ્થાપના દિવસની ઉજવણી દરમિયાન વાયુસેનાના નવા ધ્વજનું અનાવરણ કર્યુ હતું.

- આ ધ્વજનું અનાવરણ ભારતીય વાયુસેનાના એર ચીફ માર્શલ શ્રી વિવેક રામ ચૌધરીએ કર્યુ હતું.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## વાયુસેનાનો નવો ધ્વજ



નવા ધ્વજમાં ઉપરના જમણા ખૂણામાં ભારતીય વાયુસેનાની ટોચ અથવા ક્રેસ્ટ (Crest) દર્શાવવામાં આવી છે.

- ક્રેસ્ટમાં ઉપર રાષ્ટ્રીય પ્રતિક અશોક સ્તંભ છે. અશોક સ્તંભની નીચે દેવનાગરીમાં 'સત્યમેવ જયતે' લખેલું છે.
- અશોક સ્તંભની નીચે એક હિમાલિયન ગરૂડ છે, જેની પાંખો ફેલાયેલી છે, જે ભારતીય વાયુસેનાના લડાયક ગુણોને દર્શાવે છે.
- ભારતીય વાયુસેનાનું આદર્શ વાક્ય 'નભ:સ્પૃશં દીપ્તમ' હિમાલયન ગરૂડની નીચે સુર્વણ દેવનાગરીમાં લખેલું છે.
- ભારતીય વાયુસેનાનું આ વાક્ય ભગવદ્ ગીતાના 11માં અધ્યાયના 24માં શ્લોકમાંથી લેવામાં આવ્યું છે.

**નોંધ :** (1) ભૂતકાળમાં જોઈએ તો રોયલ ઈન્ડિયન એર ફોર્સ (RIAF) એન્સાઈનમાં ઉપલા ડાબા કેન્ટનમાં યુનિયન જેક અને ફ્લાય સાઈડમાં રાઉન્ડેલ (લાલ, સફેદ અને વાદળી)નો સમાવેશ થાય છે.

(2) આઝાદી પછી ભારતીય વાયુસેનાના ઝંડાની રચના યુનિયન જેકને ભારતીય ત્રિરંગા સાથે અને RAF રાઉન્ડલને IAF ત્રિરંગાના ગોળાકાર સાથે નીચે જમણી કેન્ટનમાં બદલીને બનાવવામાં આવ્યો હતો.

## એશિયન ગેમ્સ (Asian Games) 2022



23 સપ્ટેમ્બરથી 8 ઓક્ટોબર, 2023 દરમિયાન ચીનના હેંગઝોઉ ખાતે 19મી એશિયન ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

- મૂળરૂપે આ ઈવેન્ટ 10 થી 15 સપ્ટેમ્બર, 2022 દરમિયાન યોજાવાની હતી. પરંતુ કોવિડ-19 મહામારીને કારણે મુલતવી રાખવામાં આવી હતી.
- આથી, આ એશિયન ગેમ્સ વર્ષ 2023માં યોજાઈ હોવા છતા માર્કેટિંગ અને બ્રાન્ડિંગના કારણોસર 'એશિયન ગેમ્સ 2022' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ એશિયન ગેમ્સમાં કુલ 40 રમતોમાં 481 ઈવેન્ટમાં સ્પર્ધા યોજાઈ હતી.
- 19મી એશિયન ગેમ્સમાં ભારતે 28 ગોલ્ડ, 38 સિલ્વર અને 41 બ્રોન્ઝ સહિત વિક્રમી 107 મેડલ જીત્યા હતા.
- 19મી એશિયન ગેમ્સમાં પ્રથમ દસ દેશોના ક્રમ આ પ્રમાણે છે :

(1) ચીન, (2) જાપાન, (3) દક્ષિણ કોરિયા, (4) ભારત, (5) ઉઝબેકિસ્તાન, (6) ચાઈનીઝ તાઈપાઈ, (7) ઈરાન, (8) થાઈલેન્ડ, (9) બહેરીન, (10) ઉત્તર કોરિયા

## Asian Games Medal Table

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | ચીન | 201 | 111 | 71 | 383 |
| 2 | જાપાન | 52 | 67 | 69 | 188 |
| 3 | દક્ષિણ કોરિયા | 42 | 59 | 89 | 190 |
| 4 | ભારત | 28 | 38 | 41 | 107 |
| 5 | ઉઝબેકિસ્તાન | 22 | 18 | 31 | 71 |
| 6 | ચાઈનીઝ તાઈપાઈ | 19 | 20 | 28 | 67 |
| 7 | ઈરાન | 13 | 21 | 20 | 54 |
| 8 | થાઈલેન્ડ | 12 | 14 | 32 | 58 |
| 9 | બહેરીન | 12 | 3 | 5 | 20 |
| 10 | ઉત્તર કોરિયા | 11 | 18 | 10 | 39 |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉદ્‌ઘાટન સમારોહ

23 સપ્ટેમ્બર, 2023ના રોજ ચીનના હેંગઝોઉમાં હેંગઝોઉ ઓલિમ્પિક સ્પોર્ટ્સ સેન્ટર સ્ટેડિયમ ખાતે ચીનના રાષ્ટ્રપતિ શ્રી શી જિનપિંગે સત્તાવાર રીતે એશિયન ગેમ્સનો પ્રારંભ કરાવ્યો હતો.



- આ સ્ટેડિયમને બિગ લોટસ સ્ટેડિયમ તરીકે પણ ઓળખવામાં આવે છે જે કિયાનતાંગ નદી પાસે આવેલું છે.
- ઉદ્‌ઘાટન સમારોહમાં ચીનની સંસ્કૃતિ અને આધુનિક ટેક્નોલોજીનો સંગમ જોવા મળ્યો હતો.

## ઉદ્‌ઘાટન સમારોહમાં ભારતના ધ્વજવાહક

19મી એશિયન ગેમ્સના ઉદ્‌ઘાટન સમારોહમાં ભારતના ધ્વજવાહક મેન્સ હોકી ટીમના સુકાની શ્રી હરમનપ્રીત સિંહ તથા બોક્સર સુશ્રી લવલિના બોરગોહેન હતા અને માર્ચપાસ્ટમાં તેમણે ભારતીય ટૂકડીનું નેતૃત્વ કર્યુ હતું.



## સુત્ર (Motto)

19મી એશિયન ગેમ્સનું સુત્ર અથવા Motto '**Heart to Heart @ Future**' હતું.

## માસ્કોટ (Mascot)

19મી એશિયન ગેમ્સનું માસ્કોટ રોબોટ્સનું એક જૂથ છે જે યજમાન શહેરનો ગહન વારસો અને સમકાલીન જીવંતતાને રેખાંકિત કરે છે.




- એશિયન ગેમ્સના ત્રણ માસ્કોટ કોંગકોંગ, લિઆનલિન અને ચેનચેન છે, જે સામૂહિક રીતે 'જિયાંગનાનની યાદો' (Memories of Jiangnan) તરીકે ઓળખાય છે.
- જિઆંગનાનની યાદગીરીનું સંયોજન અને તેનું નામ બાઈજૂઈની કવિતા પરથી પડ્યું છે.
- તાંગ રાજવંશના આ મહાન કવિએ લખ્યું કે 'જ્યારે હું જિઆંગનાનને યાદ કરું છું, ત્યારે હાંગઝોઉ મારી મોટાભાગની યાદો પાછી લાવે છે.'

નોંધ : એશિયન ગેમ્સનું સત્તાવાર થીમ ગીત 'વિથ યુ એન્ડ મી' હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## એશિયન ગેમ્સમાં ભારતનું શ્રેષ્ઠ પ્રદર્શન

એશિયન ગેમ્સ 2022 અથવા 19મી એશિયન ગેમ્સમાં ભારતે 28 ગોલ્ડ, 38 સિલ્વર અને 41 બ્રોન્ઝ સહિત 107 મેડલ જીત્યા છે.

- જે એશિયન ગેમ્સમાં ભારતનું આજ સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન છે.
- આ 19મી એશિયન ગેમ્સમાં ભારતે સૌપ્રથમ વખત કુલ 107 મેડલ જીત્યા છે.
- આ અગાઉ વર્ષ 2018માં યોજાયેલ એશિયન ગેમ્સમાં ભારતે કુલ 70 મેડલ જીત્યા હતા.
- જ્યારે વર્ષ 2010માં યોજાયેલી એશિયન ગેમ્સમાં ભારતે 65 મેડલ જીત્યા હતા.
- આ ઉપરાંત 1951માં યોજાયેલી એશિયન ગેમ્સમાં ભારતે 15 ગોલ્ડ મેડલ જીત્યા હતા. 1951 બાદ વર્ષ 2018માં 16 અને 2022 (2023માં આયોજિત)માં 28 ગોલ્ડ જીત્યા છે.
- એશિયન ગેમ્સ 2022 અથવા 19મી એશિયન ગેમ્સમાં ભારત મેડલ ટેલીમાં ચોથા ક્રમે છે.
- જ્યારે આ અગાઉ વર્ષ 2018 અને 2014માં ભારત આઠમાં ક્રમે હતું.

## એશિયન ગેમ્સમાં ભારતનું પ્રદર્શન

| વર્ષ | રેન્ક | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1951 | 2 | 15 | 16 | 20 | 51 |
| 1962 | 3 | 10 | 13 | 10 | 33 |
| 2010 | 6 | 14 | 17 | 34 | 65 |
| 2014 | 8 | 11 | 10 | 36 | 57 |
| 2018 | 8 | 16 | 23 | 31 | 70 |
| 2022 (2023માં આયોજિત) | 4 | 28 | 38 | 41 | 107 |

**નોંધ :** (1) વર્ષ 2023 સુધીની તમામ એશિયન ગેમ્સમાં ભારતનો ઓવરઓલ રેન્ક પાંચમો છે.

(2) વર્ષ 2023 સુધીમાં યોજાયેલી કુલ 19 એશિયન ગેમ્સમાંથી પ્રથમ આઠ એશિયન ગેમ્સમાં મેડલ ટેબલમાં જાપાન પ્રથમ ક્રમે હતું. જ્યારે બાકીની છેલ્લી અગિયાર એશિયન ગેમ્સમાં ચીન પ્રથમ ક્રમે છે.

## 19મી એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ વિજેતા ભારતીય ખેલાડીઓ

| ક્રમ | ખેલાડીનું નામ | રમત | ઈવેન્ટ |
|---|---|---|---|
| 1 | શ્રી દિવ્યાંશ પંવાર, શ્રી રૂદ્રાક્ષા પાટીલ, શ્રી ઐશ્વરી તોમર | શૂટિંગ | મેન્સ 10 મીટર એર રાઈફલ ટીમ |
| 2 | ભારતની વિમેન્સ નેશનલ ક્રિકેટ ટીમ | ક્રિકેટ | વિમેન્સ ટુર્નામેન્ટ |
| 3 | શ્રી અનુષ અગ્રવાલા, શ્રી હૃદય વિપુલ છેડા, સુશ્રી દિવ્યકીર્તિ સિંહ, સુશ્રી સુદીપ્તિ હજેલા | એક્વેસ્ટેરિયન ટીમ (ઘોડેસવારી ટીમ) | ટીમ ડ્રેસેજ |
| 4 | સુશ્રી એશા સિંહ, સુશ્રી રિધમ સાંગવાન, સુશ્રી મનુ ભાકર | શૂટિંગ | વિમેન્સ 25 મીટર પિસ્તોલ ટીમ |
| 5 | સુશ્રી સિફ્ટ કૌર સમરા | શૂટિંગ | વિમેન્સ 50 મીટર રાઈફલ થ્રી પોઝિશન |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

| | | | |
|---|---|---|---|
| 6 | શ્રી અર્જુન સિંહ ચીમા, શ્રી શિવા નરવાલ, શ્રી સરબજોત સિંહ | શૂટિંગ | મેન્સ 10 મીટર એર પિસ્તોલ ટીમ |
| 7 | શ્રી ઐશ્વરી પ્રતાપસિંહ તોમર, શ્રી સ્વપ્નિલ કુસલે, શ્રી અખિલ શિયોરાન | શૂટિંગ | મેન્સ 50 મીટર રાઈફલ થ્રી પોઝિશન ટીમ |
| 8 | સુશ્રી પલક ગુલિયા, | શૂટિંગ | વિમેન્સ 10 મીટર એર પિસ્તોલ |
| 9 | શ્રી રોહન બોપન્ના, સુશ્રી ઋતુજા ભોસલે | લોન ટેનિસ | મિક્સ ડબલ્સ |
| 10 | શ્રી સૌરવ ઘોસાલ, શ્રી મહેશ મંગાંવકર, શ્રી અભય સિંહ, શ્રી હરિન્દર પાલ સંધુ | સ્કવોશ | મેન્સ ટીમ |
| 11 | શ્રી કિનાન ચેનાઈ, શ્રી ઝોરાવર સિંહ, શ્રી પૃથ્વીરાજ ટોન્ડાયમાન | શૂટિંગ | મેન્સ ટ્રેપ ટીમ |
| 12 | શ્રી અવિનાશ સાબલે | એથ્લેટિક્સ | મેન્સ 3000 મીટર સ્ટીપલચેઝ |
| 13 | શ્રી તજિન્દરપાલ સિંહ તૂર | એથ્લેટિક્સ | મેન્સ શોટપુટ (ગોળાફેંક) |
| 14 | સુશ્રી પારુલ ચૌધરી | એથ્લેટિક્સ | વિમેન્સ 5000 મીટર |
| 15 | સુશ્રી અન્નુ રાની | એથ્લેટિક્સ | વિમેન્સ જેવેલિન થ્રો |
| 16 | સુશ્રી જ્યોતિ સુરેખા, શ્રી ઓજસ દેવતલે | તીરંદાજી | કમ્પાઉન્ડ મિક્સ ટીમ |
| 17 | શ્રી નીરજ ચોપરા | એથ્લેટિક્સ | મેન્સ જેવેલિન થ્રો |
| 18 | શ્રી અમોજ જેકબ, શ્રી રાજેશ રમેશ શ્રી મોહમ્મદ અનસ, શ્રી મુહમ્મદ અજમલ | એથ્લેટિક્સ | મેન્સ 4 × 400 મીટર રિલે |
| 19 | સુશ્રી અદિતિ સ્વામી, સુશ્રી જ્યોતિ સુરેખા, સુશ્રી પરનીત કૌર | તીરંદાજી | વિમેન્સ ટીમ કમ્પાઉન્ડ |
| 20 | શ્રી હરિન્દર પાલ સંધુ, સુશ્રી દીપિકા પલ્લી કલ | સ્કવોશ | મિક્સ ડબલ્સ |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| 21 | શ્રી અભિષેક વર્મા, શ્રી ઓજસ દેવતલે, શ્રી પ્રથમેશ જાવકર | તીરંદાજી | મેન્સ ટીમ કમ્પાઉન્ડ |
| 22 | ભારતની મેન્સ નેશનલ હોકી ટીમ | ફીલ્ડ હોકી | મેન્સ ટુર્નામેન્ટ |
| 23 | સુશ્રી જ્યોતિ સુરેખા | તીરંદાજી | વિમેન્સ કમ્પાઉન્ડ વ્યક્તિગત |
| 24 | શ્રી ઓજસ દેવતલે | તીરંદાજી | મેન્સ કમ્પાઉન્ડ વ્યક્તિગત |
| 25 | ભારતની વિમેન્સ કબડ્ડી ટીમ | કબડ્ડી | વિમેન્સ |
| 26 | શ્રી ચિરાગ શેટ્ટી, શ્રી સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી | બેડમિન્ટન | મેન્સ ડબલ્સ |
| 27 | ભારતની મેન્સ નેશનલ ક્રિકેટ ટીમ | ક્રિકેટ | મેન્સ ટુર્નામેન્ટ |
| 28 | ભારતની મેન્સ નેશનલ કબડ્ડી ટીમ | કબડ્ડી | મેન્સ ટીમ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સમાપન સમારોહ

19મી એશિયન ગેમ્સનો સમાપન સમારોહ 8 ઓક્ટોબર, 2023ના રોજ હેંગઝોઉ સ્પોર્ટ્સ પાર્ક સ્ટેડિયમમાં યોજાયો હતો.

- સમાપન સમારોહમાં ભારતના ધ્વજવાહક હોકી ખેલાડી શ્રી પી.આર.શ્રીજેશ હતા.

## હવે પછી એશિયન ગેમ્સ 2026 ક્યાં યોજાશે

હવે પછી વર્ષ 2026માં જાપાનના આઈચી–નાગોયામાં 20મી એશિયન ગેમ્સનું આયોજન કરવામાં આવશે.

## 19મી એશિયન ગેમ્સમાં ભારતના પ્રદર્શન સંબંધિત કેટલાક મહત્ત્વપૂર્ણ તથ્યો

ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમએ શ્રીલંકાને 19 રનથી પરાજય આપીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો.

- 19મી એશિયન ગેમ્સના ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમના કેપ્ટન સુશ્રી હરમનપ્રીત કૌર હતા.
- ભારતની એક્વેસ્ટેરિયન ટીમે (ઘોડેસવારી ટીમ) 41 વર્ષ બાદ ગોલ્ડ જીત્યો છે.
- ભારતના સ્ટાર એથ્લીટ શ્રી અવિનાશ સાબલેએ એશિયન ગેમ્સમાં ઈતિહાસ રચ્યો છે. તેમણે એશિયન ગેમ્સની પુરુષોની 3000 મીટર સ્ટીપલચેજમાં ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.

- આ સ્પર્ધામાં ભારતનો પ્રથમ ગોલ્ડ છે, 1951થી એશિયન ગેમ્સ શરૂ થઈ ત્યારથી આજ સુધી આ સ્પર્ધામાં એકપણ મેડલ મળ્યો ન હતો. જે 19મી એશિયન ગેમ્સમાં શ્રી અવિનાશ સાબ્લેએ પ્રાપ્ત કર્યો છે.
- ભારતીય શૂટર કિનાન ચેનાઈએ ભારત માટે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- સુશ્રી અદિતિ અશોકે એશિયન ગેમ્સમાં ઈતિહાસ રચ્યો હતો. ગોલ્ફમાં મેડલ જીતનાર તેઓ પ્રથમ ભારતીય મહિલા બન્યા છે. તેમણે ગોલ્ફમાં સિલ્વર મેડલ જીત્યો હતો.
- એથ્લેટ સુશ્રી પારુલ ચૌધરીએ વિમેન્સ 5000 મીટર રેસમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- સુશ્રી અન્નુ રાનીએ એશિયન ગેમ્સમાં ઈતિહાસ રચ્યો હતો. તેઓ જેવેલિન થ્રોમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય બન્યા છે.
- 72 વર્ષના ઈતિહાસમાં વિમેન્સ જેવેલિન થ્રોમાં ભારતે પ્રથમ ગોલ્ડ મેડલ મેળવ્યો છે.
- ભારતના શ્રી અર્જુનસિંહ અને શ્રી સુનિલ સિંહે એશિયન ગેમ્સમાં મેન્સની કેનોઈંગ 1000 મીટર ડબલ્સ સ્પર્ધાનો બ્રોન્ઝ મેડલ જીત્યો છે.
- ભારતીય મેન્સ ક્રિકેટ ટીમએ એશિયન ગેમ્સમાં પોતાના ડેબ્યૂમાં જ ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.
- મેન્સ ક્રિકેટની અફઘાનિસ્તાન સામેની ફાઈનલ મેચમાં ભારે વરસાદને કારણે મેચ રદ કરવી પડી હતી. આથી રેન્કિંગને આધારે ભારતને ગોલ્ડ મેડલ આપવામાં આવ્યો હતો.
- 19મી એશિયન ગેમ્સમાં ભારતીય મેન્સ ક્રિકેટ ટીમના કેપ્ટન શ્રી ઋતુરાજ ગાયકવાડ હતા.
- ભારતીય મેન્સ હોકી ટીમે જાપાનને 5-1થી હરાવી ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- ભારતીય હોકી ટીમના કેપ્ટન શ્રી હરમનપ્રીત સિંહ હતા.
- રિકર્વ આર્ચરીમાં ભારતને 13 વર્ષ બાદ મેડલ મળ્યા હતા.
- એશિયન ગેમ્સની સોફ્ટ ઈવેન્ટ માટેની ભારતીય ટીમમાં ગુજરાતના બે ખેલાડી અનિકેત પટેલ અને રાજવીર અમલિયારની પસંદગી થઈ હતી. આ ઉપરાંત ગુજરાતના હસમુખ વેગડાની ટીમના કોચ તરીકે નિમણૂક થઈ હતી.
- એશિયન ગેમ્સમાં ભારતીય વિમેન્સ કબડ્ડી ટીમે ગોલ્ડ જીત્યો હતો. જેના કેપ્ટન સુશ્રી રિતુ નેગી હતા.
- ભારતીય મેન્સ કબડ્ડી ટીમે પણ ગોલ્ડ જીત્યો હતો. જેના કેપ્ટન શ્રી પવન સેહરાવત હતા.
- ભારતીય વિમેન્સ હોકી ટીમે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. જેના કેપ્ટન સુશ્રી સવિતા પૂનિયા હતા.
- 19મી એશિયન્સ ગેમ્સમાં ભારતે સૌથી વધુ મેડલ એથ્લેટિક્સમાં જીત્યા હતા. (6 ગોલ્ડ, 14 સિલ્વર, 9 બ્રોન્ઝ = 29)
- 'ઈસ બાર મેડલ ટેલિ હોગી 100 કે પાર' સ્લોગન સાથે ભારતીય ખેલાડીઓ એશિયન ગેમ્સમાં ઉતર્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## એશિયન ગેમ્સમાં મેડલ વિજેતા ખેલાડી અને તેનું સંબંધિત રાજ્ય (પરીક્ષાલક્ષી)

(1) ઐશ્વરી પ્રતાપસિંહ તોમર (મધ્યપ્રદેશ)
(2) રુદ્રાંક્ષ પાટીલ (મહારાષ્ટ્ર)
(3) દિવ્યાંશ સિંહ પવાર (રાજસ્થાન)
(4) અનુષ અગ્રવાલા (પ.બંગાળ)
(5) દિવ્યકીર્તિસિંહ (રાજસ્થાન)
(6) સુદીપ્તિ હજેલા (મધ્યપ્રદેશ)
(7) મનુભાકર (હરિયાણા)
(8) રિધમ સાંગવાન (હરિયાણા)
(9) એશા સિંહ (તેલંગાણા)
(10) રોહન બોપન્ના (કર્ણાટક)
(11) ઋતુજા ભોસલે (મહારાષ્ટ્ર)
(12) સૌરવ ઘોષાલ (પ.બંગાળ)
(13) અદિતી સ્વામી (મહારાષ્ટ્ર)
(14) જ્યોતિ સુરેખા (આંધ્રપ્રદેશ)
(15) ઓજસ પ્રવિણ દેવતલે (મહારાષ્ટ્ર)
(16) નેહા ઠાકુર (મધ્યપ્રદેશ)
(17) અન્નુ રાની (ઉત્તરપ્રદેશ)
(18) પારૂલ ચૌધરી (ઉત્તરપ્રદેશ)
(19) ચિરાગ શેટ્ટી (મહારાષ્ટ્ર)
(20) શ્રી નીરજ ચોપરા (હરિયાણા)

## 19મી એશિયન ગેમ્સની અન્ય વિશેષતા

19મી એશિયન ગેમ્સમાં નેપાળે મંગોલિયાને 273 રનથી હરાવ્યું હતું.

- નેપાળના ખેલાડી શ્રી દીપેન્દ્રસિંહ એરીએ માત્ર 9 બોલમાં T-20 ક્રિકેટની ફાસ્ટેટ ફિફટી નોંધાવી હતી. આ રેકોર્ડ અગાઉ ભારતના શ્રી યુવરાજ સિંહના નામે હતો તેમણે 12 બોલમાં ફાસ્ટેટ ફિફટી (અડધી સદી) નોંધાવી હતી.
- આ ઉપરાંત નેપાળના કુશલ મલ્લાએ 34 બોલમાં ફાસ્ટેટ સદી નોંધાવી રેકોર્ડ બનાવ્યો હતો.
- 19મી એશિયન ગેમ્સને 2022 એશિયન ગેમ્સ અથવા હેંગઝાઉ 2022 તરીકે પણ ઓળખવામાં આવે છે.
- યજમાન રાષ્ટ્ર ચીને એશિયન ગેમ્સની એક જ આવૃત્તિમાં પ્રથમ વખત 200 ગોલ્ડ મેડલનો આંકડો પાર કર્યો હતો.
- ચીન 19મી એશિયન ગેમ્સમાં 201 ગોલ્ડ, 111 સિલ્વર અને 71 બ્રોન્ઝ સહિત કુલ 383 મેડલ સાથે પ્રથમ ક્રમે હતું.
- એશિયન ગેમ્સના ઈતિહાસમાં જાપાન, ચીન અને દક્ષિણ કોરિયા પછી ભારત એક જ આવૃત્તિમાં 100 મેડલનો આંકડો પાર કરનાર ચોથો દેશ બન્યો છે.
- બ્રુનેઈ અને ઓમાને એશિયન ગેમ્સમાં તેનો પ્રથમ સિલ્વર મેડલ જીત્યો હતો.
- ઈ–સ્પોર્ટ્સ અને બ્રેકડાન્સિંગ એ 2023 એશિયન ગેમ્સમાં રજૂ કરવામાં આવેલી બે નવી રમતો હતી.
- આ ઉપરાંત ક્રિકેટ અને બોર્ડ ગેમ્સ જેવી કે ગો, જિઆંગકી અને ચેસ, જે 2018માં સામેલ ન હતી તેને 2023ની એશિયન ગેમ્સમાં સમાવેશ કર્યો હતો.

## એશિયન ગેમ્સ

એશિયન ગેમ્સ એ ઓલિમ્પિક પછીની વિશ્વની <u>બીજા નંબર</u>ની સૌથી મોટી રમત–ગમત સ્પર્ધા છે.

- એશિયન ગેમ્સને <u>'એશિયાડ' (Asiad)</u> તરીકે પણ ઓળખવામાં આવે છે.

- એશિયન ગેમ્સનો પ્રારંભ વર્ષ 1951થી થયો હતો.
- 1951માં સૌપ્રથમ ભારતના નવી દિલ્હી ખાતે એશિયન ગેમ્સનું આયોજન થયું હતું.
- જેમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્ર પ્રસાદ દ્વારા આ પ્રથમ એશિયન ગેમ્સનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.
- 1951 બાદ બીજી એશિયન ગેમ્સનું આયોજન 1954માં કરવામાં આવ્યું હતું.
- અને વર્ષ 1954 બાદ દર ચાર વર્ષે આ સ્પર્ધા યોજાય છે.
- આ અગાઉ વર્ષ 2018માં ઈન્ડોનેશિયાના જકાર્તા અને પાલેમ્બંગમાં 18મી એશિયન ગેમ્સ યોજાઈ હતી.
- હવે પછી વર્ષ 2026માં જાપાનના આઈચી–નાગોયા ખાતે 20મી એશિયન ગેમ્સનું આયોજન કરવામાં આવશે.

## એશિયન ગેમ્સનું આયોજન

| ક્રમ | વર્ષ | શહેર | યજમાન દેશ |
|---|---|---|---|
| 1 | 1951 | નવી દિલ્હી | ભારત |
| 9 | 1982 | નવી દિલ્હી | ભારત |
| 17 | 2014 | ઈન્ચિઓન | દક્ષિણ કોરિયા |
| 18 | 2018 | જકાર્તા, પાલેમ્બંગ | ઈન્ડોનેશિયા |
| 19 | 2022 | હેંગઝોઉ | ચીન |
| 20 | 2026 | આઈચી-નાગોયા (Nagoya) | જાપાન |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : ભારતમાં 1951 અને 1982 એમ કુલ બે વખત એશિયન ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું છે.

## એશિયન ગેમ્સનું નિયમન કોના દ્વારા થાય છે ?

1951 થી 1978 સુધીની એશિયન ગેમ્સનું નિયમન 'Asian Games Federation (AGF)' દ્વારા થતું હતું.

- જોકે, 1978 બાદ 1982માં રમાયેલી એશિયન ગેમ્સથી એશિયન ગેમ્સનું આયોજન અથવા તો નિયમન 'Olympic Council of Asia (OCA)' દ્વારા કરવામાં આવે છે.

## સૌથી વધુ મેડલ વિજેતા દેશો

એશિયન ગેમ્સ 2022-23 સુધીમાં એશિયન ગેમ્સમાં સૌથી વધુ મેડલ વિજેતા દેશનું નામ ચીન છે.

- ચીન બાદ જાપાન બીજા અને દક્ષિણ કોરિયા ત્રીજા ક્રમે છે.
- ભારત આ યાદીમાં પાંચમાં ક્રમે છે.

1. 'ભારતીય વાયુસેના દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 6 ઓક્ટોબર (B) 7 ઓક્ટોબર (C) 8 ઓક્ટોબર (D) 9 ઓક્ટોબર **(C)**

2. 'વિશ્વ ડિસ્લેક્સિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 6 ઓક્ટોબર (B) 7 ઓક્ટોબર (C) 8 ઓક્ટોબર (D) 9 ઓક્ટોબર **(C)**

3. તાજેતરમાં ભારતીય વાયુસેનાએ પોતાનો ધ્વજ બદલ્યો હતો. તેના વિશે નીચેના પૈકી કયાં વિધાન સાચાં છે ?
   1. નવા ધ્વજમાં ઉપરના જમણા ખૂણામાં ભારતીય વાયુસેનાની ટોચ અથવા ક્રેસ્ટ (Crest) દર્શાવવામાં આવી છે.
   2. ક્રેસ્ટમાં ઉપર રાષ્ટ્રીય પ્રતિક અશોક સ્તંભ છે. જેમાં નીચે દેવનાગરીમાં 'સત્યમેવ જયતે' લખેલું છે.
   3. અશોક સ્તંભની નીચે એક હિમાલિયન ગરૂડ છે, જેની પાંખો ફેલાયેલી છે.
   4. ભારતીય વાયુસેનાનું આદર્શ વાક્ય 'નભ:સ્પૃશં દીપ્તમ' હિમાલયન ગરૂડની નીચે લખેલું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 2 (D) 1, 2, 3 અને 4 **(D)**

4. તાજેતરમાં કેટલામી એશિયન ગેમ્સનું આયોજન થયું હતું ?
(A) 17મી (B) 18મી (C) 19મી (D) 20મી **(C)**

5. તાજેતરમાં કયા દેશમાં 19મી એશિયન ગેમ્સનું આયોજન થયું હતું ?
(A) ચીન (B) જાપાન (C) ઈન્ડોનેશિયા (D) વિયેતનામ **(A)**

6. 19મી એશિયન ગેમ્સ (અથવા એશિયન ગેમ્સ 2022)નો મોટો (Motto) શું હતો ?
(A) યુથ ઓફ એશિયા (B) હાર્ટ ટુ હાર્ટ @ ફ્યુચર
(C) ઈમ્પ્રુવમેન્ટ ઓફ એશિયા (D) પાવર ટુ હાર્ટ @ ફ્યુચર **(B)**

7. 19મી એશિયન ગેમ્સ અથવા એશિયન ગેમ્સ 2022માં ભારતે કુલ કેટલા મેડલ જીત્યા છે ?
(A) 15 ગોલ્ડ, 23 સિલ્વર, 31 બ્રોન્ઝ સહિત 69 મેડલ
(B) 22 ગોલ્ડ, 18 સિલ્વર, 31 બ્રોન્ઝ સહિત 71 મેડલ
(C) 42 ગોલ્ડ, 59 સિલ્વર, 89 બ્રોન્ઝ સહિત 190 મેડલ
(D) 28 ગોલ્ડ, 38 સિલ્વર, 31 બ્રોન્ઝ સહિત 107 મેડલ **(D)**

8. 19મી એશિયન ગેમ્સમાં 107 મેડલ સાથે ભારત કયાં ક્રમે છે ?
(A) ચોથા (B) પાંચમાં (C) છઠ્ઠા (D) સાતમાં **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**9.** એશિયન ગેમ્સ 2022 અથવા 19મી એશિયન ગેમ્સમાં મેડલ વિજેતા પ્રથમ ચાર દેશોનો સાચો ક્રમ કયો છે ?

(A) ચીન, જાપાન, દક્ષિણ કોરિયા, ઈન્ડોનેશિયા (B) ચીન, જાપાન, દક્ષિણ કોરિયા, ભારત

(C) ચીન, જાપાન, ભારત, ઈન્ડોનેશિયા (D) જાપાન, ચીન, દક્ષિણ કોરિયા, ભારત **(B)**

**10.** એશિયન ગેમ્સ 2022 અથવા 19મી એશિયન ગેમ્સમાં ભારતે કુલ કેટલા ગોલ્ડ મેડલ જીત્યા છે ?

(A) 22 (B) 26 (C) 28 (D) 38 **(C)**

**11.** કઈ એશિયન ગેમ્સમાં ભારતનું આજ સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું છે ?

(A) 14મી (B) 16મી (C) 18મી (D) 19મી **(D)**

**12.** 19મી એશિયન ગેમ્સ અથવા એશિયન ગેમ્સ 2022માં ચીન ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ સહિત કુલ કેટલા મેડલ સાથે પ્રથમ ક્રમે રહ્યું છે ?

(A) 383 (B) 307 (C) 188 (D) 190 **(A)**

**13.** શ્રી દિવ્યાંશ પંવાર, શ્રી રૂદ્રાક્ષાં પાટીલ અને શ્રી ઐશ્વરી તોમરે એશિયન ગેમ્સમાં ગોલ્ડ જીત્યો હતો. તેઓ કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) જેવેલીન થ્રો (B) ડિસ્ક થ્રો (C) શૂટિંગ (D) રોવિંગ **(C)**

**14.** ભારતની વિમેન્સ નેશનલ ક્રિકેટ ટીમે એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ ટીમના સુકાની કોણ હતું ?

(A) સુશ્રી હરમનપ્રીત કૌર (B) સુશ્રી દીપ્તિ શર્મા (C) સુશ્રી શૈફાલી વર્મા (D) સુશ્રી સ્મૃતિ મંધાના **(A)**

**15.** શ્રી અનુષ અગ્રવાલા, શ્રી હૃદય વિપુલ છેડા, સુશ્રી દિવ્યકિર્તી સિંહ અને સુશ્રી સુદીપ્ત હજેલા કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) એક્વેસ્ટેરિયન (ઘોડેસવારી) (B) જેવેલીન થ્રો (ભાલા ફેંક)

(C) શોટ પુટ (ગોળા ફેંક) (D) લોન ટેનિસ **(A)**

**16.** સુશ્રી એશાસિંહ, સુશ્રી રિધમ સાંગવાન અને સુશ્રી મનુભાકર કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) જેવેલીન થ્રો (B) દોડ (C) શૂટિંગ (D) કબડ્ડી **(C)**

**17.** સુશ્રી પલક ગુલિયા કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) લોન ટેનિસ (B) સ્કવોશ (C) શૂટિંગ (D) બેડમિન્ટન **(C)**

**18.** શ્રી અવિનાશ સાબલેએ 19મી એશિયન ગેમ્સમાં નીચેનામાંથી કઈ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો ?

(A) મેન્સ શોટ પુટ (ગોળા ફેંક) (B) મેન્સ 4 × 400 મીટર રિલે

(C) મેન્સ 3000 મીટર સ્ટીપલચેઝ (D) તીરંદાજી મિક્સ ટીમ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

| | |
|---|---|
| **19.** સુશ્રી પારુલ ચૌધરીએ 19મી એશિયન ગેમ્સમાં એથ્લેટિક્સની કઈ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો ?<br>(A) વિમેન્સ 5000 મીટર રેસ (B) વિમેન્સ 3000 મીટર રેસ<br>(C) વિમેન્સ 4 × 400 (D) વિમેન્સ જેવેલિન થ્રો | (A) |
| **20.** સુશ્રી અન્નુ રાની કઈ રમત સાથે સંકળાયેલ છે ?<br>(A) તીરંદાજી (B) જેવેલીન થ્રો (C) શૂટિંગ (D) ટેનિસ | (B) |
| **21.** સુશ્રી જ્યોતિ સુરેખા અને શ્રી ઓજસ દેવતલે કઈ રમત સાથે સંકળાયેલ છે ?<br>(A) શૂટિંગ (B) કેનોઈંગ (C) ટેબલ ટેનિસ (D) તીરંદાજી | (D) |
| **22.** 19મી એશિયન ગેમ્સમાં નીચેનામાંથી કઈ ટીમે ગોલ્ડ મેડલ જીત્યો નથી ?<br>(A) ભારતની મેન્સ નેશનલ કબડ્ડી ટીમ (B) ભારતની મેન્સ નેશનલ ક્રિકેટ ટીમ<br>(C) ભારતની વિમેન્સ કબડ્ડી ટીમ (D) ભારતની વિમેન્સ હોકી ટીમ | (D) |
| **23.** 19મી એશિયન ગેમ્સમાં ભારતના ધ્વજવાહક (Flag Bearer) કોણ હતા ?<br>(A) શ્રી બજરંગ પુનિયા અને સુશ્રી રાની રામપલ<br>(B) શ્રી અભિષેક વર્મા અને સુશ્રી જ્યોતિ સુરેખા<br>(C) શ્રી નીરજ ચોપરા અને સુશ્રી પારુલ ચૌધરી<br>(D) શ્રી હરમનપ્રીત સિંહ અને સુશ્રી લવલીના બોરગોહેન | (D) |
| **24.** 'એશિયન ગેમ્સ' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચાં છે ?<br>1. એશિયન ગેમ્સને 'એશિયાડ' તરીકે પણ ઓળખવામાં આવે છે.<br>2. તેનો પ્રારંભ વર્ષ 1951થી થયો હતો.<br>3. 1951માં સૌપ્રથમ ભારતના નવી દિલ્હી ખાતે એશિયન ગેમ્સનું આયોજન થયું હતું.<br>યોગ્ય વિકલ્પ પસંદ કરો.<br>(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3<br>(C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3 | (D) |
| **25.** 1951માં ભારતના નવી દિલ્હી ખાતે યોજાયેલી પ્રથમ એશિયન ગેમ્સનું ઉદ્‌ઘાટન કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?<br>(A) શ્રી જવાહરલાલ નહેરુ (B) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન<br>(C) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ (D) શ્રી રાજેન્દ્ર પ્રસાદ | (D) |
| **26.** વર્ષ 2026માં કયા દેશમાં 20મી એશિયન ગેમ્સ યોજાશે ?<br>(A) જાપાન (B) દ. કોરિયા (C) ભારત (D) ઈન્ડોનેશિયા | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 09 ઓક્ટોબર, (1) વિશ્વ ટપાલ દિવસ (World Post Day)
## (2) પ્રાદેશિક સેના દિવસ (Teritorial Army Day)

## રાજસ્થાનમાં ત્રણ નવા જિલ્લા બનાવવામાં આવશે

તાજેતરમાં રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી અશોક ગેહલોતે રાજસ્થાનમાં ત્રણ નવા જિલ્લાઓની સ્થાપનાની જાહેરાત કરી છે.

- આ ત્રણ નવા ઘોષિત જિલ્લામાં માલપુરા, સુજાનગઢ અને કુચમન શહેરનો સમાવેશ થાય છે.
- આ જિલ્લાના ઉમેરાની સાથે રાજસ્થાનમાં જિલ્લાઓની કુલ સંખ્યા 53 થશે.
- આ જિલ્લા વિસ્તરણની જરૂરિયાતનું મૂલ્યાંકન કરતી ઉચ્ચ–સ્તરીય સમિતિની ભલામણોને અનુરૂપ છે.
- આ નવા જિલ્લાઓના સમાવેશથી વહીવટમાં વધારો થશે અને સ્થાનિક રહેવાસીઓ માટે સરકારી સેવાઓ વધુ સુલભ બનશે તેવી અપેક્ષા છે.
- નોંધનીય છે કે રાજસ્થાન સરકારે અગાઉ આ જ વર્ષના ઓગસ્ટમાં 17 નવા જિલ્લાઓ બનાવ્યા હતા.

## Dakar Declaration : ક્લાઈમેટ ચેન્જ

વિશ્વના 46 અલ્પ વિકસિત દેશો (LDCs)ના મંત્રીઓએ COP28 માટેની તેમની અપેક્ષાઓ અને પ્રાથમિકતાઓની રૂપરેખા આપતા ક્લાઈમેટ ચેન્જ પર સંયુક્ત 'ડકાર ઘોષણા' (Dakar Declaration) જારી કરી હતી.

### ડકાર ઘોષણાના મુખ્ય મુદ્દાઓ

### તાત્કાલિક વૈશ્વિક ઉત્સર્જનમાં ઘટાડો

આ ઘોષણામાં ઝડપથી 1.5 ડિગ્રી સેલ્સિયસ ગ્લોબલ વોર્મિંગ મર્યાદાને પહોંચી વળવા માટે તાત્કાલિક વૈશ્વિક ઉત્સર્જન ઘટાડવાની માંગ કરવામાં આવી છે.

### ક્લાઈમેટ ફાઈનાન્સમાં વધારો

વિકસિત દેશોને જાહેર, અનુદાન–આધારિત ધિરાણ દ્વારા 2025 સુધીમાં વિતરીત કરાયેલ ઓછામાં ઓછા બમણા અનુકૂલન ફાઈનાન્સ માટે સ્પષ્ટ માર્ગ નકશો રજૂ કરવા વિનંતી કરવામાં આવી હતી.

- ક્લાઈમેટ ફાઈનાન્સ પર નવા સામૂહિક ક્વોન્ટિફાઈડ ગોલ નવા અને વધારાના સંસાધનો પ્રદાન કરવા જોઈએ, જે વર્તમાન 100 બિલિયન પ્રતિ વર્ષ કરતા વધુ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નુકસાન અને નુકસાન ભંડોળનું સંચાલન

આ ઘોષણા હવામાન પરિવર્તનની અસરોને સંબોધવા માટે નવા નુકસાન અને નુકસાન ભંડોળના અમલીકરણમાં મજબૂત પરિણામની જરૂરિયાત પર ભાર મૂકે છે.

## મહત્ત્વાકાંક્ષી વૈશ્વિક સ્ટોકટેક

મંત્રીઓએ વૈશ્વિક આબોહવા ક્રિયામાં તફાવતને બંધ કરવા માટે મહત્ત્વાકાંક્ષી વૈશ્વિક સ્ટોકટેકની હાકલ કરી હતી.

## જવાબદારી અને ઐતિહાસિક ઉત્સર્જન

ઘોષણા દર્શાવે છે કે અલ્પ વિકસિત દેશો (LDCs) આબોહવા પરિવર્તન માટે સૌથી ઓછી ઐતિહાસિક જવાબદારી સહન કરે છે અને તેનાથી અપ્રમાણસર અસર થાય છે.

## 1.5 C લક્ષ્ય સાથે સંરેખણ

પક્ષો દ્વારા ખાસ કરીને મોટા ઉત્સર્જકોને, ગ્રીનહાઉસ ગેસ (GHG) ઉત્સર્જનને તાત્કાલિક અને નોંધપાત્ર રીતે ઘટાડવા માટે વિનંતી કરવામાં આવી છે.

- રાષ્ટ્રીય રીતે નિર્ધારિત યોગદાન (NDCs)માં 2030ના લક્ષ્યોને 1.5 ડિગ્રી સેલ્સિયસ વોર્મિંગ મર્યાદા સાથે સંરેખિત કરવા માટે ફરીથી જોવા અને મજબૂત કરવા જોઈએ.

## UNFCCC કેન્દ્રીયકૃત કાર્બન માર્કેટ મિકેનિઝમ

અલ્પ વિકસિત દેશોની જરૂરિયાતોને માન્યતા આપીને 2024 સુધીમાં UNFCCC સેન્ટ્રેલાઈઝ્ડ કાર્બન માર્કેટ મિકેનિઝમને કાર્યરત કરવાની જાહેરાતમાં કહેવામાં આવ્યું છે.

- પેરિસ કરારના ક્ષમતા–નિર્માણ કાર્યક્રમની કલમ 6ના અમલીકરણ પર ભાર મૂકવામાં આવ્યો છે.

## વોર્મિંગને 1.5 ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવું

ઘોષણામાં જણાવવામાં આવ્યું છે કે 2015ના પેરિસ કરારને અનુરૂપ વોર્મિંગને 1.5 ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત કરવું, જો વૈશ્વિક ઉત્પાદન અને વપરાશ પેટર્ન ચાલુ રહેશે તો તે પહોંચની બહાર રહેશે.

## આબોહવાની ક્રિયાને વેગ આપવો

COP28ને 1.5°C પાથવે તરફ આબોહવાની ક્રિયાને વેગ આપવા અને LDCsની જરૂરિયાતો પૂરી કરવાની તક તરીકે જોવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ‘વિશ્વ ટપાલ દિન’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 7 ઓક્ટોબર (B) 8 ઓક્ટોબર (C) 9 ઓક્ટોબર (D) 10 ઓક્ટોબર
   **(C)**

2. ‘વિશ્વ પ્રાદેશિક સેના દિન’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 7 ઓક્ટોબર (B) 8 ઓક્ટોબર (C) 9 ઓક્ટોબર (D) 10 ઓક્ટોબર
   **(C)**

3. તાજેતરમાં રાજસ્થાનમાં ત્રણ નવા જિલ્લા બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ ત્રણ નવા જિલ્લાના ઉમેરા સાથે રાજસ્થાનમાં કુલ જિલ્લાની સંખ્યા કેટલી થશે ?
   (A) 53 (B) 47 (C) 42 (D) 38
   **(A)**

4. તાજેતરમાં સમાચારમાં રહેલ 'Dakar Declaration' નીચેનામાંથી કોની સાથે સંબંધિત છે ?
   (A) ક્લાઈમેટ ચેન્જ (B) આતંકવાદ નાબૂદી
   (C) ભારતમાં પૂર નિયંત્રણ (D) વીજળી ગ્રીડ લાઈન
   **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 10 ઓક્ટોબર, (1) રાષ્ટ્રીય ટપાલ દિવસ (National Post Day)
## (2) વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ (World Mental Health Day)

### વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ




સમગ્ર વિશ્વમાં માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ પ્રત્યે જાગૃતિ લાવવા અને આ સંદર્ભે શિક્ષણ ફેલાવવાના ઉદ્દેશથી દર વર્ષે 10 ઓક્ટોબરના રોજ 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસની સ્થાપના વર્ષ 1992માં 'વર્લ્ડ મેન્ટલ હેલ્થ એસોસિએશન' દ્વારા વિશ્વના લોકો માટે માનસિક આરોગ્ય સંભાળને વાસ્તવિક બનાવવા માટે કરવામાં આવી હતી.
- માનસિક વિકારોમાં ડિપ્રેશન વિશ્વની સૌથી મોટી સમસ્યા છે.
- વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ 2023ની થીમ 'Mental Health is a Universal Human Right' છે.

## નોબેલ પુરસ્કાર 2023 વિજેતાઓની જાહેરાત

તાજેતરમાં વર્ષ 2023 માટે નોબેલ પુરસ્કાર વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી જે આ પ્રમાણે છે :

### નોબેલ પુરસ્કાર વિજેતા- 2023

| ક્રમ | પુરસ્કાર | વિજેતા |
|---|---|---|
| 1 | ભૌતિકશાસ્ત્ર (Physics) | – શ્રી પિયર એગોસ્ટીની<br>– શ્રી ફેરેન્ક ક્રાઉઝ<br>– સુશ્રી એની.લ'હુલિયર |
| 2 | રસાયણશાસ્ત્ર (Chemistry) | – શ્રી મૌંગી જી. બાવેન્ડી<br>– શ્રી લુઈસ ઈ. બ્રુસ<br>– શ્રી એલેક્સી આઈ. એકિમોવ |
| 3 | ચિકિત્સા–શરીર વિજ્ઞાન (Medicine- Physiology) | – સુશ્રી કેટાલિન કારિકો<br>– શ્રી ડ્રુ વેઈસમેન |
| 4 | સાહિત્ય (Literature) | – શ્રી જોન ઓલાવ ફોસે |
| 5 | શાંતિ (Peace) | – સુશ્રી નરગેસ મોહમ્મદી |
| 6 | અર્થશાસ્ત્ર (Economic Science) | – સુશ્રી ક્લાઉડિયા ગોલ્ડિન |

# વર્ષ 2023માં કયો નોબેલ પુરસ્કાર કોને ? શા માટે એનાયત થયો છે ?

## ભૌતિકશાસ્ત્ર



વર્ષ 2023 માટે ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર શ્રી પિયર એગોસ્ટીની, શ્રી ફેરેન્ક ક્રાઉઝ અને સુશ્રી એની.લ'હુલિયરને એનાયત થયો છે.

- પ્રાયોગિક ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રમાં તેમના અભૂતપૂર્વ કાર્યએ એટોસેકન્ડ પલ્સના વિકાસને જન્મ આપ્યો છે.
- જેનાથી વૈજ્ઞાનિકોને દ્રવ્યની અંદર ઈલેક્ટ્રોનની ઝડપથી ગતિશીલતાનું સીધું નિરીક્ષણ અને અભ્યાસ કરવામાં સક્ષમ બનાવ્યું છે.
- ઓટોસેકન્ડ પ્લસ એ પ્રકાશનો ખૂબ જ ટૂંકો વિસ્ફોટ છે જે માત્ર એક ઓટોસેકન્ડ ચાલે છે.

## વૈજ્ઞાનિકો દ્વારા એટોસેકન્ડ પલ્સ જનરેશન

1980ના દાયકામાં ભૌતિકશાસ્ત્રીઓ માત્ર થોડા ફેમટો સેકન્ડ સુધી ચાલતી હળવા પલ્સ બનાવવામાં સફળ રહ્યા હતા.

- તે સમયે એવું માનવામાં આવતું હતું કે હળવી પલ્સો માટે આ લઘુત્તમ અવધિ છે.
- જોકે ગતિમાં ઈલેક્ટ્રોનને જોવા માટે તેનાથી પણ નાની/ટૂંકા પલ્સની જરૂર હતી.
- 1987માં સુશ્રી એની લ'હુલિયર અને તેની ટીમે ફ્રેન્ચ પ્રયોગશાળામાં એક મહત્ત્વપૂર્ણ સફળતા મેળવી હતી.
- તેઓએ એક ઉમદા ગેસ દ્વારા ઈન્ફ્રારેડ લેસર કિરણને પસાર કર્યુ, જેનાથી ઓવરટોનની ઉત્પત્તિ થઈ અને તરંગલંબાઈ સાથે પ્રકાશના તરંગો જે મૂળ બીમ(કિરણ)ના પૂર્ણાંક ભાગ હતા.
- ગેસમાં ઉત્પાદિત ઓવરટોન અલ્ટ્રાવાયોલેટ પ્રકાશના સ્વરૂપમાં હતા.
- વૈજ્ઞાનિકોએ જોયું કે જ્યારે બહુવિધ ઓવરટોન ક્રિયાપ્રતિક્રિયા કરે છે, ત્યારે તેઓ કાં તો રચનાત્મક હસ્તક્ષેપ દ્વારા એકબીજાને તીવ્ર બનાવી શકે છે અથવા વિનાશક હસ્તક્ષેપ દ્વારા એકબીજાને રદ કરી શકે છે.
- તેમના સેટઅપને રિફાઈન કરીને ભૌતિકશાસ્ત્રીઓએ પ્રકાશની તીવ્ર એટોસેકન્ડ પલ્સ બનાવવામાં સફળ રહ્યા હતા.
- 2001માં શ્રી પિયર એગોસ્ટની અને ફ્રાન્સમાં તેમના સંશોધન જૂથે સફળતાપૂર્વક 250-એટોસેકન્ડ પ્રકાશ પલ્સોની શ્રેણીનું સફળતાપૂર્વક ઉત્પાદન કર્યુ હતું.
- તેણે આ પલ્સ શ્રેણીને મૂળ બીમ સાથે જોડીને ઝડપી પ્રયોગો હાથધર્યા હતા, જેણે ઈલેક્ટ્રોન ડાયનેમિક્સમાં અભૂતપૂર્વ સમજ આપી હતી.
- ઓસ્ટ્રિયામાં પણ ફેરેન્ક ક્રાઉઝ અને તેમની ટીમે એક પલ્સ શ્રેણીમાંથી વ્યક્તિગત 650-એટોસેકન્ડના પલ્સને અલગ કરવાની તકનીક વિકસાવી હતી.

- આ સફળતાએ સંસોધકોને ક્રિપ્ટોન અણુઓ દ્વારા ઉત્સર્જિત ઈલેક્ટ્રોનની ઊર્જાને નોંધપાત્ર ચોક્સાઈ સાથે માપવાની મંજૂરી આપી હતી.
- એટોસેકન્ડ પલ્સ વૈજ્ઞાનિકોને અલ્ટ્રાફાસ્ટ અણુ અને મોલેક્યુલર પ્રક્રિયાઓની 'ઈમેજ' મેળવવા માટે સક્ષમ બનાવે છે.
- તે પદાર્થ વિજ્ઞાન, ઈલેક્ટ્રોનિક્સ અને ઉત્પ્રેરક જેવા ક્ષેત્રોમાં ઝડપથી થતા ફેરફારોને સમજવા મહત્ત્વપૂર્ણ છે.
- ક્ષણિક ચિહ્ન પર આધારિત ચોક્કસ અણુઓને ઓળખવા માટે તબીબી નિદાન પરીક્ષણોમાં એટોસેકન્ડ પ્લસનો ઉપયોગ કરી શકાય છે.
- તે તબીબી ઈમેજિંગ અને ડાયગ્નોસ્ટિક તકનીકોને સુધારવામાં મદદ કરે છે.
- એટોસેકન્ડ ફિઝિક્સ કોમ્પ્યુટિંગ અને ટેલિકોમ્યુનિકેશન ટેક્નોલોજીમાં ઝડપી ઈલેક્ટ્રોનિક ઉપકરણોના વિકાસ તરફ દોરી શકે છે.
- નોંધનીય છે કે ઈલેક્ટ્રોન ડાયનોમિક્સ એ અણુઓ, પરમાણુઓ અને ઘન પદાર્થોની અંદર ઈલેક્ટ્રોનની વર્તણૂક અને હિલચાલના અભ્યાસ અને સમજણનો ઉલ્લેખ કરે છે.

નોંધ :(1) શ્રી પિયર એગોસ્ટીની એ ફ્રેન્ચ–અમેરિકન પ્રાયોગિક ભૌતિકશાસ્ત્રી છે જેઓ હાલમાં ધ ઓહિયો સ્ટેટ યુનિવર્સિટી, કોલંબસ (અમેરિકા)માં પ્રોફેસર છે.

(2) 1962માં હંગેરીમાં જન્મેલા શ્રી ફેરેન્ક ક્રાઉઝ જર્મનીમાં મેક્સ પ્લાન્ક ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્વોન્ટમ ઓપ્ટિક્સમાં ડિરેક્ટર તરીકે સેવા આપે છે. અને લુડવિગ–મેક્સિમિલિયન્સ યુનિવર્સિટી મ્યુન્ચેનમાં પ્રોફેસર છે.

(3) 1958માં પેરિસમાં જન્મેલા ભૌતિકશાસ્ત્રી એની લ'હુલિયર ફ્રેન્સ–સ્વીડિશ ભૌતિકશાસ્ત્રી છે અને સ્વીડનની Lund Universityમાં પ્રોફેસર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રસાયણશાસ્ત્ર



શ્રી મૌંગી જી. બાવેન્ડી, શ્રી લુઈસ ઈ.બ્રુસ અને શ્રી એલેક્સી આઈ. એકિમોવને 'ક્વોન્ટમ ડોટ્સ'ની અભૂતપૂર્વ શોધ અને સંશ્લેષણ માટે રસાયણશાસ્ત્રમાં 2023 માટેનો નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

- ક્વોન્ટમ ડોટ્સ અનન્ય ગુણધર્મો ધરાવતા નેનોપાર્ટિકલ્સ છે, જેના ગુણધર્મો ક્વોન્ટમ અસરો દ્વારા નિયંત્રિત થાય છે.

- તેઓ સ્પષ્ટ પ્રકાશ ઉત્સર્જન કરે છે અને તેનો ઉપયોગ ટેલિવિઝન સ્ક્રીન, એલઈડી લેમ્પ અને તબીબી પ્રયોગોમાં થાય છે.
- તેમના પ્રયોગો રાસાયણિક પ્રતિક્રિયાઓને ઉત્પ્રેરકથી લઈને સર્જીકલ પ્રક્રિયાઓ માટે ગાંઠની પેશીઓને પ્રકાશિત કરવા સુધીની છે.

## નોબેલ પુરસ્કાર વિજેતાઓનું યોગદાન

(1) શ્રી એલેક્સી આઈ. ઓકિમોવ :

- શ્રી એલેક્સી એકિમોવ એક રશિયન રાસાયણિક ભૌતિકશાસ્ત્રી અને નેનોમટીરિયલ સંશોધનમાં અગ્રણી છે.
- શ્રી એલેક્સી એકિમોવ 1980ની આસપાસ કોપર ક્લોરાઈડ નેનોપાર્ટિકલ્સમાં અસામાન્ય વ્યવહારનું અવલોકન કરનાર પ્રથમ વ્યક્તિ હતા.
- તેમણે આ કણોના વિશેષ ગુણધર્મો દર્શાવતી વખતે આ નેનોપાર્ટિકલ્સનું સફળતાપૂર્વક ઉત્પાદન કર્યું હતું.

(2) શ્રી લુઈસ બ્રુસ :

- અમેરિકન વૈજ્ઞાનિક શ્રી લુઈસ બ્રુસે કેડિયમ સલ્ફાઈડ નેનોપાર્ટિકલ્સ સંબંધિત આવી જ શોધ કરી હતી.
- શ્રી એલેક્સી એકિમોવની જેમ તે આ બદલાયેલ ગુણધર્મો સાથે નેનોપાર્ટિકલ્સ બનાવવામાં સક્ષમ હતા.

(3) શ્રી મૌંગી બાવેન્ડી :

- શ્રી મૌંગી બાવેન્ડીનો જન્મ ફ્રાન્સના પેરિસમાં થયો હતો. તેઓ અમેરિકન–ટ્યુનિશિયન–ફ્રેન્ચ રસાયણશાસ્ત્રી છે.
- તેમણે શરૂઆતમાં શ્રી લુઈસ બ્રુસ સાથે સહયોગ કર્યો હતો, બાદમાં અનન્ય ગુણધર્મો સાથે નેનોપાર્ટિકલ્સ બનાવવા માટેની તકનીકોને સરળ બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

નોંધ : (1) માઈક્રોસ્કોપિક નેનોપાર્ટિકલ્સનું બિનપરંપરાગત વ્યવહાર ક્વોન્ટમ અસરોના ઉદ્ભવનું પરિણામ છે.

(2) ક્વોન્ટમ ડોટ્સ અથવા ક્વોન્ટમ બિંદુઓ નેનોસ્કેલ કણો છે, જે સામાન્ય રીતે 1 થી 100 નેનોમીટર સુધીના કદમાં હોય છે.

## મેડિસિન અથવા ફિઝિયોલોજી



<u>મેડિસિન અથવા ફિઝિયોલોજીનો 2023</u> માટેનો નોબેલ પુરસ્કાર <u>મેસેન્જર રિબોન્યુક્લિક એસિડ (mRNA)ના ન્યુક્લિયોસાઈડ બેઝ મોડિફિકેશન</u> પરના અભૂતપૂર્વ કાર્ય માટે <u>સુશ્રી કેટાલિન કારિકો</u> અને <u>શ્રી ડુ (ડ્રયુ) વેઈસમેનને</u> એનાયત થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- વર્ષ 2020ની શરૂઆતમાં શરૂ થયેલી કોરોના મહામારી દરમિયાન કોવિડ-19 સામે અસરકારક mRNA રસી વિકસાવવામાં આ બે નોબેલ પુરસ્કાર વિજેતાઓની શોધ મહત્ત્વપૂર્ણ હતી.
- તેમણે શોધ્યુ કે ડેંડ્રાઈટિક કોશિકાઓ ઈનવિટ્રો ટ્રાન્સક્રિપ્ટેડ mRNAને વિદેશી/બાહ્ય તરીકે ઓળખે છે, તેને સક્રિય કરે છે અને બળતરાના સંકેતો મુક્ત કરે છે.
- આ બંનેએ એ સમજવાની કોશિશ કરી કે સસ્તન કોષોમાં mRNAથી વિપરિત ડેંડ્રાઈટિક કોશિકાઓને mRNA વિદેશી/બાહ્ય તરીકે ચિહ્નિત કરે છે.
- સસ્તન અથવા સ્તનધારી પ્રાણીઓમાં ગર્ભમાં રહેલા બચ્ચાની રક્ષા માટેનું આચ્છાદાન કોષો યુકેરીયોટિક કોષો છે જે પ્રાણી પરિવારના છે અને તેમાં ન્યુક્લિયસ અને અન્ય મેમ્બ્રેન બાઉન્ડ ઓર્ગેનેલ્સ હોય છે.
- તેનાથી તેમને એ સમજવામાં મદદ મળી કે આ બે પ્રકારના mRNA ચોક્કસપણે અલગ–અલગ ગુણધર્મો ધરાવે છે.
- નોંધનીય છે કે mRNA ટેક્નોલોજી 1980ના દાયકાથી જાણીતી હતી. પરંતુ મોટા પાયે રસીના ઉત્પાદન માટે તે યોગ્ય ન હતી.
- પરંપરાગત રસીઓથી વિપરિત, mRNA રસીઓ રોગપ્રતિકારક તંત્ર સાથે વાતચીત કરવા માટે મેસેન્જર રિબોન્યુક્લિક એસિડ (mRNA)નો ઉપયોગ કરે છે.

**નોંધ :** (1) સુશ્રી કેટાલિન કારીકોનો જન્મ 1955માં હંગેરીના સ્ઝોલનોકમાં થયો હતો. તેઓ એક હંગેરિયન–અમેરિકન બાયોકેમિસ્ટ છે જે રિબોન્યુક્લીક એસિડ (RNA)માં વિશેષતા ધરાવે છે.

(2) શ્રી ડ્રુ વેઈસમેનનો જન્મ 1959માં લેક્સિંગ્ટન, મેસેચ્યુસેટ્સ (અમેરિકા) ખાતે થયો હતો. તેઓ અમેરિકન ચિકિત્સક અને રોગપ્રતિકારક વિજ્ઞાની છે જે RNA બાયોલોજીમાં તેમના યોગદાન માટે જાણીતા છે.

## સાહિત્ય



સાહિત્યમાં 2023નો નોબેલ પુરસ્કાર શ્રી જોન ઓલાવ ફોસેને એનાયત થયો છે.

- શ્રી જોન ફોસેને તેમના અભૂતપૂર્વ 'નાટકો અને ગદ્ય' માટે નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો છે.
- જોન ફોસે નોર્વેજીયન લેખક અને નાટ્યકાર છે.
- તેમનું કાર્ય તેની નોર્વેજીયન પૃષ્ઠભૂમિ, નાયનોર્સ્કની ભાષા અને પ્રકૃતિમાં મૂળ છે, જે નોર્વેજીયન ભાષાના બે સત્તાવાર સંસ્કરણોમાં બોલચાલના ભાષણમાં ઓછા ઉપયોગમાં લેવાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેઓ તેમની લેખન શૈલી માટે જાણીતા છે, જેને ઘણીવાર 'ફ્રોસ મિનિમલિઝમ' તરીકે ઓળખવામાં આવે છે.
- તેમની નોંધપાત્ર કૃતિઓમાં 'અ ન્યૂ નેમ : સેપ્ટોલોજી VI-III', 'આઈ એમ ધ વિંડ', 'મેલાનચોલી' અને 'ધ ડેડ ડોગ્સ' શામેલ છે.

## શાંતિ (Peace)

પ્રસિદ્ધ ઈરાની મહિલા અધિકાર ધારાશાસ્ત્રી સુશ્રી નરગેસ મોહમ્મદીને ઈરાનમાં મહિલાઓના જુલમ સામેની લડાઈ અને સામાજિક સુધારણાના તેમના સતત પ્રયાસો માટે તેમના હિંમતભર્યા પ્રયાસો માટે 2023નો નોબેલ શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો છે.



- તેઓ કેદ હોવા છતા માનવ અધિકારો અને બધા માટે સ્વતંત્રતાના પ્રચાર માટેના તેમના સમર્પણ અંગે સન્માન કરવામાં આવ્યું છે.
- તેમની 13 વખત ધરપકડ કરવામાં આવી હતી તથા પાંચ વખત દોષિત ઠર્યા હતા અને 154 કોરડા મારવા સાથે કુલ 31 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી.
- આ નોબેલ શાંતિ પુરસ્કારે તેમના હેતુ માટે આંતરરાષ્ટ્રીય ધ્યાન અને સમર્થન મેળવ્યું છે.
- યુનાઈટેડ નેશન્સે તેમની મુક્તિ અને ઈરાનમાં જેલમાં બંધ તમામ માનવાધિકાર રક્ષકોની મુક્તિ માટે હાકલ કરી હતી.

## અર્થશાસ્ત્ર



હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર સુશ્રી ક્લાઉડિયા ગોલ્ડિનને વર્ષ 2023નો અર્થશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

- 'મહિલા શ્રમ બજારના પરિણામો અંગેની સમજને આગળ વધારવા અથવા વિકસાવવા માટે' તેમને આ સન્માન આપવામાં આવ્યું છે.
- સુશ્રી ક્લાઉડિયા ગોલ્ડિનએ સદીઓથી મહિલાઓની કમાણી અને મજૂર ભાગીદારીનો પ્રથમ વ્યાપક હિસાબ આપવા માટે કામ કર્યુ છે.
- તેમના સંશોધનમાં ફેરફારના કારણો અને બાકી રહેલા લિંગ તફાવતના મુખ્ય સ્ત્રોત જાહેર થયા છે.
- તેમનું સંશોધન દર્શાવે છે કે વૈશ્વિક શ્રમ બજારમાં સ્ત્રીઓનું બહુ ઓછુ પ્રતિનિધિત્વ છે અને જ્યારે તેઓ કામ કરે છે ત્યારે પુરુષો કરતા ઓછી કમાણી કરે છે.
- તેમનું અગ્રણી કાર્ય છેલ્લા 200 વર્ષમાં શ્રમ બજારમાં મહિલાઓની ભાગીદારી પર પ્રકાશ પાડે છે.
- પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે વેતનનો તફાવત શા માટે ચાલુ રહે છે તેનું પણ વિશ્લેષણ કર્યુ છે.

**નોંધ :** સુશ્રી ક્લાઉડિયા ગોલ્ડિનનો જન્મ 14 મે, 1946ના રોજ અમેરિકાના ન્યુયોર્ક ખાતે થયો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નોબેલ પુરસ્કાર




સ્વિડનના પ્રસિધ્ધ રસાયણશાસ્ત્રી શ્રી આલ્ફ્રેડ નોબેલની યાદમાં દર વર્ષે આ નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.

- ઈ.સ. 1895માં શ્રી આલ્ફ્રેડ નોબેલ દ્વારા આ પુરસ્કારની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ ઈ.સ. 1901માં કુલ પાંચ ક્ષેત્રમાં આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો : (1) શાંતિ, (2) સાહિત્ય, (3) રસાયણશાસ્ત્ર, (4) શરીરવિજ્ઞાન અથવા મેડિસન અને (5) ભૌતિકશાસ્ત્ર.
- શરૂઆતમાં વર્ષ 1901થી દર વર્ષ ઉપરોક્ત પાંચ ક્ષેત્રોમાં આ એવોર્ડ એનાયત થયો હતો.
- ત્યારબાદ ઈ.સ. 1969 થી અર્થશાસ્ત્રના નોબેલ પુરસ્કારની પણ શરૂઆત કરવામાં આવી હતી.
- આથી, વર્તમાન સમયે અર્થશાસ્ત્ર સહિત કુલ 6 ક્ષેત્રોમાં આ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.
- આ એવોર્ડ અંતર્ગત વિજેતાને એક ગોલ્ડ મેડલ, એક સર્ટિફિકેટ અને રોકડ રકમ એનાયત કરવામાં આવે છે.
- આ એવોર્ડ એનાયત કરવા માટેનો સમારોહ દર વર્ષે સ્વિડનના પાટનગર સ્ટોકહોમ ખાતે યોજાય છે.
- જોકે, શાંતિનો નોબેલ પુરસ્કર સ્વિડન દ્વારા નહિ પરંતુ નોર્વે દ્વારા એનાયત થાય છે.
- આથી, શાંતિનો નોબેલ પુરસ્કાર એનાયત કરવા માટેનો સમારોહ નોર્વેના પાટનગર ઓસ્લો ખાતે યોજાય છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કયો નોબેલ પુરસ્કાર કોના દ્વારા એનાયત થાય છે ?

| ક્રમ | નોબેલ પુરસ્કાર | કોના દ્વારા એનાયત થાય છે ? |
|---|---|---|
| 1 | સાહિત્ય | સ્વિડિશ એકેડમી |
| 2 | ફિઝિક્સ, કેમેસ્ટ્રી | રોયલ સ્વિડિશ એકેડમી ઓફ સાયન્સિઝ |
| 3 | મેડિસન–ફિઝિયોલોજી | નોબેલ એસેમ્બલી એટ ધ કેરોલિન્સ્કા ઈન્સ્ટિટયૂટ |
| 4 | શાંતિ | નોર્વેજીયન નોબેલ કમિટી |
| 5 | અર્થશાસ્ત્ર | સ્વેરિગ્સ રિક્સબેન્ક |

## પુરસ્કારની રકમ

આ એવોર્ડ અંતર્ગત પુરસ્કાર રૂપે કેટલી ધનરાશી આપવી તે 'નોબેલ ફાઉન્ડેશન' દ્વારા નક્કી થાય છે.

## નોબેલ પુરસ્કાર વિજેતા ભારતીય

| ક્રમ | નામ | વર્ષ | ક્ષેત્ર |
|---|---|---|---|
| 1 | શ્રી રવિન્દ્રનાથ ટાગોર | 1913 | સાહિત્ય |
| 2 | શ્રી સી.વી. રામન | 1930 | ભૌતિકશાસ્ત્ર (Physics) |
| 3 | મધર ટેરેસા (જન્મ : સ્કોપ્જે, મેસેડોનિયા, નિધન: કોલકાતા) | 1979 | શાંતિ |
| 4 | શ્રી અમર્ત્ય સેન | 1998 | અર્થશાસ્ત્ર |
| 5 | શ્રી કૈલાસ સત્યાર્થી | 2014 | શાંતિ |

## નોબેલ પુરસ્કાર વિજેતા ભારતીય મૂળના કેટલાક વ્યક્તિઓ

| ક્રમ | નામ | વર્ષ | ક્ષેત્ર |
|---|---|---|---|
| 1 | શ્રી હરગોવિંદ ખુરાના | 1968 | મેડિસિન |
| 2 | શ્રી સુબ્રમણ્યમ ચન્દ્રશેખર | 1983 | ભૌતિકશાસ્ત્ર (Physics) |
| 3 | શ્રી વી.એસ. નાયપોલ | 2001 | સાહિત્ય |
| 4 | શ્રી વેંકટરામન રામાકૃષ્ણન | 2009 | રસાયણશાસ્ત્ર (Chemistry) |
| 5 | શ્રી અભિજીત બેનર્જી | 2019 | અર્થશાસ્ત્ર (Economic Science) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ :(1) શ્રી રવિન્દ્રનાથ ટાગોર નોબેલ પુરસ્કાર વિજેતા પ્રથમ ભારતીય તથા પ્રથમ એશિયન વ્યક્તિ છે. તેમને વર્ષ 1913માં સાહિત્યનો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

(2) છેલ્લે વર્ષ 2014માં ભારતના શ્રી કૈલાસ સ્ત્યાર્થીને શાંતિનો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

(3) સુશ્રી મલાલા યુસફઝાઈ સૌથી નાની ઉંમરે (17 વર્ષ) નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર વ્યક્તિ છે. તેમને વર્ષ 2014માં શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

## સ્વચ્છ ભારત મિશન-અર્બન

સ્વચ્છ ભારત દિવસના પ્રકાશમાં સ્વચ્છ ભારત મિશન–શહેરી અને ગ્રામીણ દ્વારા 15 સપ્ટેમ્બર થી 2 ઓક્ટોબર, 2023 દરમિયાન સ્વચ્છતા હી સેવા પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ પખવાડિયાનો ઉદ્દેશ્ય ભારતીય સ્વચ્છતા લીગ 2.0, સફાઈ મિત્ર સુરક્ષા શિબિરો અને સામુહિક સ્વચ્છતા અભિયાન જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા દેશભરના કરોડો નાગરિકોને જોડવાનો છે.

## સ્વચ્છ ભારત મિશન-અર્બન (SBM-U)

2 ઓક્ટોબર, 2014ના રોજ આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે શહેરી વિસ્તારોમાં સ્વચ્છતા, સફાઈ અને યોગ્ય કચરા વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે 'સ્વચ્છ ભારત મિશન–અર્બન'ને રાષ્ટ્રીય અભિયાન તરીકે શરૂ કરવામાં આવ્યું હતું.

- તેનો ઉદ્દેશ્ય ભારતભરના શહેરો અને નગરોને સ્વચ્છ અને ખુલ્લામાં શૌચથી મુક્ત બનાવવાનો છે.

### SBM-U 1.0

SBM-Uનો પ્રથમ તબક્કો શૌચાલયની એક્સેસ અને વર્તન પરિવર્તનને પ્રોત્સાહન આપીને શહેરી ભારતને ખુલ્લામાં શૌચ મુક્ત (ODF) બનાવવાના લક્ષ્યને હાંસલ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

- SBM-U 1.0 તેના લક્ષ્યને હાંસલ કરવામાં સફળ રહ્યું હતું. અને 100% શહેરી ભારતને ODF જાહેર કરવામાં આવ્યું હતું.

### SBM-U 2.0 (2021-2026)




બજેટ 2021-22ના બજેટમાં SBM-U 2.0ની જાહેરાત કરવામાં આવી હતી.

- SBM-Uનો બીજો તબક્કો ODFથી આગળ વધીને ODF+ અને ODF++ તરફ જવાનો અને શહેરી ભારતને કચરા–મુક્ત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.
- તે ટકાઉ સ્વચ્છતા પ્રથાઓ, કચરાના વ્યવસ્થાપન અને ચક્રીય અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વાર્ષિક સંયુક્ત HADR કવાયત (CHAKRAVAT 2023)

ભારતીય નૌકાદળ દ્વારા 9 ઓક્ટોબર, 2023 થી 11 ઓક્ટોબર, 2023 દરમિયાન વાર્ષિક સંયુક્ત HADR કવાયત (AJHE)ની 2023ની આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

- 2015માં તેની શરૂઆત થઈ ત્યારથી ચક્રવાત તરીકે ઓળખાતી કવાયત એક બહુ–એજન્સી પહેલ છે જેમાં ત્રણ સેવાઓ, અર્ધલશ્કરી દળો, આપત્તિ પ્રતિભાવ સંસ્થાઓ, NGO, શૈક્ષણિક સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સહિત વિવિધ ક્ષેત્રોની ભાગીદારી સામેલ છે.
- આ કવાયત હિંદ મહાસાગર પ્રદેશમાં માનવતાવાદી કટોકટી અને કુદરતી આફતો માટે સામૂહિક પ્રતિસાદ પદ્ધતિઓને મજબૂત કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે.
- આબોહવા પરિવર્તન માટે પ્રદેશની નબળાઈ વધવા સાથે મહાસાગરો માટે ભારતનું સર્વસમાવેશક વિઝન, જેને SAGAR તરીકે ઓળખવામાં આવે છે, તે માનવતાવાદી સહાયતા અને આપત્તિ રાહત (HADR) કામગીરીના મહત્ત્વને રેખાંકિત કરે છે.

**1.** ભારતમાં 'રાષ્ટ્રીય ટપાલ દિવસ' તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?

(A) 8 ઓક્ટોબર (B) 9 ઓક્ટોબર (C) 10 ઓક્ટોબર (D) 11 ઓક્ટોબર **(C)**

**2.** 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 ઓક્ટોબર (B) 9 ઓક્ટોબર (C) 10 ઓક્ટોબર (D) 11 ઓક્ટોબર **(C)**

**3.** વર્ષ 2023ના 'ભૌતિકશાસ્ત્રના નોબેલ પુરસ્કાર' વિજેતામાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

(A) શ્રી પિયર એગોસ્ટીની (B) શ્રી ફેરેન્ક ક્રાઉઝ

(C) સુશ્રી એની લ'હુલિયર (D) ઉપરોક્ત તમામ **(D)**

**4.** વર્ષ 2023ના 'રસાયણશાસ્ત્ર' (Chemistry)ના નોબેલ પુરસ્કાર વિજેતાઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

(A) શ્રી મૌંગી જી. બાવેન્ડી (B) શ્રી લુઈસ ઈ. બ્રુસ

(C) શ્રી એલેક્સી આઈ. એકિમોવ (D) ઉપરોક્ત તમામ **(D)**

**5.** સુશ્રી કેટાલિન કારિકો અને શ્રી ડ્રુ વેઈસમેનને વર્ષ 2023નો કયા ક્ષેત્રનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ?

(A) ભૌતિકશાસ્ત્ર (B) રસાયણશાસ્ત્ર (C) મેડિસિન (D) અર્થશાસ્ત્ર **(C)**

**6.** વર્ષ 2023નો 'સાહિત્ય'નો નોબેલ પુરસ્કાર કોને એનાયત થયો છે ?

(A) સુશ્રી એન્દ્રિયા ગેસ (B) શ્રી જોન ઓલાવ ફોસે

(C) શ્રી ડગ્લાસ ડાયમંડ (D) સુશ્રી મારીયા રેસા **(B)**

**7.** વર્ષ 2023નો 'શાંતિ' (Peace)નો નોબેલ પુરસ્કાર કોને એનાયત થયો છે ?

(A) સુશ્રી નરગેસ મોહમ્મદી (B) સુશ્રી મનાબે સ્યુકરો

(C) સુશ્રી કેરોલિન બર્ટોઝી (D) સુશ્રી ફતીમા મોહમ્મદી **(A)**

**8.** વર્ષ 2023નો 'અર્થશાસ્ત્ર'નો નોબેલ પુરસ્કાર કોને એનાયત થયો છે ?

(A) સુશ્રી ક્લાઉડિયા ગોલ્ડિન (B) સુશ્રી નરગેસ મોહમ્મદી

(C) સુશ્રી કેટાલિન કારીકો (D) સુશ્રી એન્દ્રિયા ગેસ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**9. સ્વચ્છ ભારત મિશન–અર્બન 2.0 (SBM-U 2.0) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?**

**1. SBM-U 2.0ની જાહેરાત 2021-22ના બજેટમાં કરવામાં આવી હતી.**

**2. આ મિશન 2021 થી 2026 સુધી પાંચ વર્ષ માટે લાગુ કરવામાં આવ્યું છે.**

**યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

**(A) માત્ર 1** **(B) માત્ર 2**

**(C) 1 અને 2 બંને સાચા** **(D) 1 અને 2 બંને ખોટા** **(C)**

**10. 'વાર્ષિક સંયુક્ત HADR કવાયત' વિશે નીચેના વિધાનો ધ્યાને લો.**

**1. તાજેતરમાં ભારતીય નૌકાદળ દ્વારા તેની 2023ની આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.**

**2. આ કવાયત હિંદ મહાસાગર પ્રદેશમાં માનવતાવાદી કટોકટી અને કુદરતી આફતો માટે સામૂહિક પ્રતિસાદ પદ્ધતિઓને મજબૂત કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે.**

**ઉપરોક્તમાંથી કયું વિધાન સાચું છે ?**

**(A) માત્ર 1** **(B) માત્ર 2**

**(C) 1 અને 2 બંને સાચા** **(D) 1 અને 2 બંને ખોટા** **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 11 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ અથવા International Day of the Girl Child અથવા International Day of the Girl




દર વર્ષે 11 ઓક્ટોબરના રોજ 'આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ બાળકીના અધિકારોનું રક્ષણ કરવાનો, તેમની સામે આવતા પડકારો અને મુશ્કેલીઓને ઓળખવાનો અને કન્યાઓને સમાન અધિકારો આપવા માટે સમાજમાં જાગૃતિ લાવવાનો છે.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ 2012માં પ્રથમ વખત 'આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ'નું આયોજન કરવામાં આવ્યું હતું.
- આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની વર્ષ 2023ની થીમ 'Invest in Girls Right : Our Leadership, Our Well-Being' છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## RBI : સતત ચોથીવાર રેપો રેટ 6.5% યથાવત

તાજેતરમાં RBI મોનેટરી પોલિસી કમિટી 4 થી 6 ઓક્ટોબર, 2023 દરમિયાન યોજાઈ હતી.

- ભારતીય રિઝર્વ બેંક દ્વારા સતત ચોથી વખત રેપો રેટ 6.5 ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો છે.
- આર્થિક વૃદ્ધિ અને ફુગાવાને નિયંત્રણમાં રાખવા માટે RBIએ સર્વસંમતિથી પોલિસી રેપો રેટને 6.5% પર યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે.
- RBIએ 2023-24 માટે તેનો વાસ્તવિક GDP વૃદ્ધિ અનુમાન 6.5 ટકા પર યથાવત રાખ્યો છે. અને વર્તમાન નાણાકીય વર્ષ-24 માટે CPI ફુગાવાનો અનુમાન 5.4% પર યથાવત રાખ્યો છે.

### RBI બેંકના વર્તમાન દરો

| ક્રમ | ઈન્ડિકેટર્સ | વ્યાજદર (ટકામાં) |
|---|---|---|
| 1 | રેપો રેટ | 6.50% |
| 2 | SDF | 6.25% |
| 3 | MSF | 6.75% |
| 4 | બેંક રેટ | 6.75% |
| 5 | CRR | 4.50% |
| 6 | SLR | 18.00% |



નોંધ : (1) રિઝર્વ બેંક જે દરે અન્ય બેંકોને ધિરાણ કરે છે તે દરને રેપો રેટ કહે છે.

(2) જ્યારે રિઝર્વ બેંક અન્ય બેંકો પાસેથી જે દરે ધિરાણ લે છે તે દરને રિવર્સ રેપો રેટ કહેવામાં આવે છે.

(3) CRRનું પૂરું નામ 'Cash Reserve Ratio' છે.

(4) SLRનું પૂરું નામ 'Statutory Liquidity Ratio' છે.

(5) MSFનું પૂરું નામ 'Marginal Standing Facility' છે.

## નાણાકીય નીતિ સમિતિ(MPC) શું છે ?

RBI એક્ટ, 1934ના સુધારેલા (2016માં) કલમ 45ZB હેઠળ કેન્દ્ર સરકારને છ સભ્યોની મોનેટરી પોલિસી કમિટી (MPC)ની રચના કરવાની સત્તા આપવામાં આવી છે.

- મોનેટરી પોલિસી કમિટી ફુગાવાના લક્ષ્યને હાંસલ કરવા માટે જરૂરી નીતિગત વ્યાજદર (રેપો રેટ) નક્કી કરે છે.

## MPCની રચના

કલમ 45ZBમાં જણાવ્યા મુજબ MPCમાં 6 સભ્યો હશે :

(a) RBI ગવર્નર તેના હોદ્દેદાર અધ્યક્ષ તરીકે,

(b) નાણાકીય નીતિના પ્રભારી ડેપ્યુટી ગવર્નર,

(c) સેન્ટ્રલ બોર્ડ દ્વારા નોમિનેટ કરવામાં આવનાર બેંકના અધિકારી

(d) કેન્દ્ર સરકાર દ્વારા ત્રણ વ્યક્તિની નિમણૂક કરવામાં આવશે.

નોંધ : નિમણૂકની આ શ્રેણી 'ક્ષમતા, પ્રામાણિકતા અને સ્થાયી, અર્થશાસ્ત્ર અથવા બેંકિંગ અથવા નાણાકીય અથવા નાણાકીય નીતિના ક્ષેત્રમાં જ્ઞાન અને અનુભવ ધરાવતા વ્યક્તિઓ'માંથી હોવી જોઈએ.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નાણાકીય નીતિના ઘટકો

નાણાકીય નીતિના અમલીકરણ માટે ઘણા પ્રત્યક્ષ અને પરોક્ષ સાધનો અથવા ઘટકોનો ઉપયોગ થાય છે જે નીચે મુજબ છે :

(1) રેપો રેટ

(2) સ્ટેન્ડિંગ ડિપોઝિટ ફેસિલિટી (SDF) દર

(3) માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (MSF) દર

(4) લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી (LAF)

(5) કોરિડોર

(6) રિવર્સ રેપો રેટ

(7) બેંક રેટ

(8) રિઝર્વ રેશિયો (CRR)

(9) સ્ટેચ્યુટરી લિક્વિડિટી રેશિયો (SLR)

(10) ઓપન માર્કેટ ઓપરેશન્સ

## અરૂણાચલ પ્રદેશના ત્રણ ઉત્પાદનોને GI ટેગ મળ્યો

અરૂણાચલ પ્રદેશના ત્રણ ઉત્પાદનો 'યાક ચુરપી', 'ખાવ તાઈ' (ખામતી ચોખા) અને 'તાંગસા કાપડ'ને GI ટેગ આપવામાં આવ્યો છે.

- અરૂણાચલ યાક ચુરપી એ અરૂણાચલ યાકના દુધમાંથી બનાવવામાં આવે છે.
- અરૂણાચલ યાક એ યાકની એક દુર્લભ જાતિ છે જે મુખ્યત્વે અરૂણાચલ પ્રદેશના પશ્ચિમ કામેંગ અને તવાંગ જિલ્લામાં જોવા મળે છે.
- ખાવ તાઈ એ નમસાઈ પ્રદેશમાં પરંપરાગત ખંપતિ જનજાતિમાં ખેડૂતો દ્વારા બનાવવામાં આવતી એક ચ્યુઈબલ ગ્લુટિનસ ચોખાની જાત છે.
- ચાંગલાંગ જિલ્લાના તાંગસા જનજાતિ દ્વારા બનાવવામાં આવેલ તાંગસા કાપડ ઉત્પાદનો તેમની અનન્ય ડિઝાઈન અને વાયબ્રન્ટ રંગો માટે પ્રખ્યાત છે.

## હિંદ મહાસાગર રિમ એસોસિએશન

11 ઓક્ટોબર, 2023ના રોજ શ્રીલંકાના કોલંબોમાં યોજનારી 23મી મંત્રી પરિષદની બેઠક દરમિયાન શ્રીલંકા 'હિન્દ મહાસાગર રિમ એસોસિએશન' (Indian Ocean Rim Association-IORA)નું અધ્યક્ષપદ સંભાળવા માટે તૈયાર છે.

- શ્રીલંકા વર્ષ 2023 થી 2025 સુધી આ એસોસિએશનની અધ્યક્ષતા કરશે.
- આ અગાઉ બાંગ્લાદેશે નવેમ્બર 2021થી નવેમ્બર 2023 સુધી તેની અધ્યક્ષતા કરી હતી.

### હિંદ મહાસાગર રિમ એસોસિએશન

હિન્દ મહાસાગર રિમ એસોસિએશન એ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જેમાં હિંદ મહાસાગરની સરહદે આવેલા 23 દેશનો સમાવેશ થાય છે.

- હિન્દ મહાસાગર રિમ એસોસિએશનનું વિઝન 1995માં દક્ષિણ આફ્રિકાના તત્કાલિન રાષ્ટ્રપતિ શ્રી નેલ્સન મંડેલાની ભારત મુલાકાત દરમિયાન પ્રકાશમાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જ્યાં તેમણે કહ્યું હતું કે "હિંદ મહાસાગર ક્ષેત્રના દેશોએ ઈતિહાસ અને ભૂગોળના તથ્યોમાંથી કુદરતી પ્રેરણાની વિભાવનાના પ્રકાશમાં સામાજિક–આર્થિક સહકાર માટે પોતાને મજબૂત બનાવવું જોઈએ"
- જેનાથી માર્ચ 1995માં હિંદ મહાસાગર રિમ પહેલ અને માર્ચ 1997માં હિન્દ મહાસાગર રિમ એસોસિએશનની શરૂઆત થઈ.
- શરૂઆતમાં તે 'પ્રાદેશિક સહકાર માટે હિન્દ મહાસાગર રિમ એસોસિએશન' તરીકે ઓળખાતું હતું.
- હાલ તેમની પાસે 23 સભ્ય દેશો ઉપરાંત 11 સંવાદ ભાગીદારો છે.
- તેના 23 સભ્ય દેશોમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :

  ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, કોમોરોસ, ફ્રાન્સ, ભારત, ઈન્ડોનેશિયા, ઈરાન, કેન્યા, મેડાગાસ્કર, મલેશિયા, માલદીવ, મોરેશિયસ, મોઝામ્બિક, ઓમાન, સેશેલ્સ, સિંગાપોર, સોમાલિયા, દક્ષિણ આફ્રિકા, શ્રીલંકા, તાંઝાનિયા, થાઈલેન્ડ, સંયુક્ત આરબ અમીરાત, યમન
- આ ઉપરાતં ચીન, જર્મની, સાઉદી અરેબિયા, ઈજિપ્ત, તુર્કી, જાપાન, ઈટાલી, રશિયા, દ.કોરિયા, અમેરિકા અને યુનાઈટેડ કિંગ્ડમ તેમના સંવાદ ભાગીદાર છે.
- તેમનું સચિવાલય એબેને, મોરેશિયસમાં આવેલું છે.
- તેના ઉદ્દેશ્ય નીચે મુજબ છે :

  (a) પ્રદેશ અને સભ્ય દેશોના ટકાઉ વિકાસ અને સંતુલિત વિકાસને પ્રોત્સાહન આપવું.

  (b) આર્થિક સહયોગના તે ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવું જે વિકાસ, સહિયારા હિત અને પરસ્પર લાભ માટે મહત્તમ તકો પ્રદાન કરે છે.

  (c) ઉદારીકરણને પ્રોત્સાહન આપવું, અવરોધોને દૂર કરવા અને હિંદ મહાસાગરના કિનારે માલ, સેવાઓ, રોકાણ અને ટેક્નોલોજીના મુક્ત અને ઉન્નત પ્રવાહ તરફના અવરોધોને દૂર કરવા.
- હિન્દ મહાસાગર રિમ એસોસિએશન (IORA)એ છ અગ્રતા ક્ષેત્રોને ઓળખી કાઢ્યા છે, જેમ કે :

  (1) દરિયાઈ સુરક્ષા

  (2) વેપાર અને રોકાણની સુવિધા

  (3) મત્સ્યદ્યોગ વ્યવસ્થાપન

  (4) આપત્તિના જોખમમાં ઘટાડો

  (5) શૈક્ષણિક અને વૈજ્ઞાનિક સહકાર

  (6) પ્રવાસન પ્રોત્સાહન અને સાંસ્કૃતિક વિનિમય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**1. 'આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?**

(A) 11 ઓક્ટોબર (B) 12 ઓક્ટોબર (C) 13 ઓક્ટોબર (D) 14 ઓક્ટોબર

**(A)**

**2. તાજેતરમાં RBIએ (ઓક્ટોબર, 2023માં) તેની નાણાકીય નીતિ સમિતિ (MPC)ની બેઠક યોજી હતી. જેમાં દરો યથાવત રાખ્યા હતા. આ અંતર્ગત રેપો રેટ.............પર યથાવત છે.**

(A) 4.50% (B) 5.50% (C) 6.50% (D) 8.0%

**(C)**

**3. ભારતીય અર્થતંત્રના સંદર્ભમાં નીચેનાનો વિચાર કરો :**

1. બેંક દર
2. ઓપન માર્કેટ ઓપરેશન્સ
3. જાહેર દેવુ
4. જાહેર આવક

ઉપરોક્તમાંથી કયું મોનેટરી પોલિસીનો ઘટક/ઘટકો છે ?

(A) માત્ર 1 (B) માત્ર 2, 3 અને 4

(C) માત્ર 1 અને 2 (D) 1, 2, 3 અને 4

**(C)**

**4. તાજેતરમાં 'યાક ચુરપી', 'ખાવ તાઈ' અને 'તાંગસા કાપડ'ને GI ટેગ આપવામાં આવ્યો છે. તે કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ?**

(A) સિક્કિમ (B) અરૂણાચલ પ્રદેશ (C) મિઝોરમ (D) મેઘાલય

**(B)**

**5. કયો દેશ વર્ષ 2023 થી 2025 સુધી 'હિંદ મહાસાગર રિમ એસોસિએશન' (IORA)ની અધ્યક્ષતા કરશે ?**

(A) શ્રીલંકા (B) પાકિસ્તાન (C) યમન (D) મેડાગાસ્કર

**(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 12 ઓક્ટોબર, વિશ્વ સંધિવા દિવસ

## ભારત AIBDના અધ્યક્ષ તરીકે સતત ત્રીજીવાર ચૂંટાયું

તાજેતરમાં ભારત સતત ત્રીજી વખત એશિયા–પેસિફિક ઈન્સ્ટિટ્યૂટ ફોર બ્રોડકાસ્ટિંગ ડેવલપમેન્ટ (AIBD) જનરલ કોન્ફરન્સના અધ્યક્ષ તરીકે ચૂંટાયું છે.

### AIBD

AIBDનું પૂરું નામ 'Aisa-Pacific Institute for Broadcasting Development' છે.

- AIBDની સ્થાપના વર્ષ 1977માં સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા (UNESCO)ના સમર્થનથી કરવામાં આવી હતી.
- તે એક પ્રાદેશિક આંતર–સરકારી સંસ્થા છે જે યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કમિશન ફોર એશિયા એન્ડ ધ પેસિફિક (UN-ESCAP)ના દેશોને ઈલેક્ટ્રોનિક મીડિયા ડેવલપમેન્ટના ક્ષેત્રમાં સહયોગ કરવા માટે એક સાથે લાવે છે.
- તેનો ઉદ્દેશ એશિયા પેસિફિક ક્ષેત્રમાં નીતિ ઘડતર અને સંસાધન વિકાસ દ્વારા ગતિશીલ અને સુસંગત ઈલેક્ટ્રોનિક મીડિયા વાતાવરણ પ્રાપ્ત કરવાનો છે.
- તેમાં ભારત સહિત 26 દેશો છે જે સંપૂર્ણ સભ્ય છે.
- તેનું સચિવાલય મલેશિયાના કુઆલાલંપુર ખાતે આવેલું છે.

AIBD

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ઓપરેશન અજય (Operation Ajay)



ગાઝામાં ઈઝરાયેલ અને હમાસ જૂથ વચ્ચે ચાલી રહેલા યુદ્ધની સ્થિતિમાં ભારતે ઈઝરાયેલમાંથી પોતાના નાગરિકોને પરત લાવવાની સુવિધા માટે 'ઓપરેશન અજય' શરૂ કર્યું હતું.

- આ માટે ભારત પરત ફરવા નાગરિકો માટે વિશેષ ચાર્ટર ફ્લાઈટ્સ અને અન્ય વ્યવસ્થા કરવામાં આવી હતી.
- આ ઉપરાંત માહિતી અને સહાય પૂરી પાડવા માટે વિદેશ મંત્રાલયમાં 24 કલાક કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે.

## ભારતના આ અગાઉના અન્ય નાગરિક બચાવ મિશન

| ક્રમ | મિશન/ઓપરેશનનું નામ | વિશેષતા |
|---|---|---|
| 1 | ઓપરેશન અજય (2023) | • યુદ્ધગ્રસ્ત ઈઝરાયેલમાંથી ભારતના નાગરિકોને પરત લાવવા માટે આ મિશન ચાલુ કરવામાં આવ્યું હતું. |
| 2 | ઓપરેશન કાવેરી | • એપ્રિલ 2023માં સુદાનમાં સર્જાયેલી કટોકટી દરમિયાન સુદાનમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત લાવવા માટે ભારત સરકાર દ્વારા ઓપરેશન કાવેરી શરૂ કરવામાં આવ્યું હતું. |
| 3 | ઓપરેશન ગંગા (2022) | • વર્ષ 2022માં યુદ્ધગ્રસ્ત યુક્રેનમાંથી ફસાયેલા ભારતીયોને પરત લાવવા માટે ભારત સરકાર દ્વારા 'ઓપરેશન ગંગા' શરૂ કરવામાં આવ્યું હતું. |
| 4 | ઓપરેશન દેવીશક્તિ (2021) | • વર્ષ 2021માં ભારતે યુદ્ધગ્રસ્ત અફઘાનિસ્તાનમાંથી ભારતીય નાગરિકોને બહાર કાઢવા માટે 'ઓપરેશન દેવીશક્તિ' મિશન હાથ ધર્યુ હતું. |
| 5 | વંદે ભારત મિશન (2020) | • વર્ષ 2020માં કોરોના મહામારીના કારણે વિવિધ દેશમાં લોકડાઉન લાદવામાં આવ્યું હતું.<br>• આથી વિવિધ દેશોમાં મુસાફરી પર પ્રતિબંધના કારણે વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત લાવવા માટે આ મિશન હાથ ધરવામાં આવ્યું હતું.<br>• આ મિશન અંતર્ગત લગભગ 32 લાખ મુસાફરોને સુરક્ષિત ઘરે લાવવામાં આવ્યા હતા.<br>• આ અત્યાર સુધીનું સૌથી મોટું નાગરિક સ્થળાંતર ઓપરેશન છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| ક્રમ | મિશન/ઓપરેશનનું નામ | વિશેષતા |
|---|---|---|
| 6 | ગલ્ફ વોર દરમિયાન સ્થળાંતર (1990-91) | ● ગલ્ફ વોર દરમિયાન લગભગ 1,77,000 ભારતીયો ફસાયેલા હતા.<br>● તે સમયે એર ઈન્ડિયાએ લગભગ 500 ફ્લાઈટ્સનું સંચાલન કર્યુ હતું. |
| 7 | ઓપરેશન રાહત (2015) | ● વર્ષ 2015માં યમન કટોકટી દરમિયાન ભારતીય સશસ્ત્ર દળો દ્વારા શરૂ કરાયેલા 'ઓપરેશન રાહત' અંતર્ગત 41 દેશોના 940 વિદેશી નાગરિકોની સાથે 4,640થી વધુ ભારતીય નાગરિકોને યમનમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.<br>● આ ઓપરેશન દરિયાઈ અને હવાઈ એમ બંને માર્ગે કરવામાં આવ્યું હતું. |
| 8 | ઓપરેશન મૈત્રી (2015) | ● વર્ષ 2015માં નેપાળમાં ભૂકંપ દરમિયાન બચાવ અને રાહત કામગીરી તરીકે ભારત સરકાર અને ભારતીય સશસ્ત્રદળો દ્વારા ઓપરેશન મૈત્રી હાથ ધરવામાં આવ્યું હતું. |
| 9 | ઓપરેશન સુરક્ષિત ઘર વાપસી (2011) | ● લિબિયાના ગૃહ યુદ્ધમાં ફસાયેલા ભારતીય નાગરિકોને બચાવવા માટે ભારત સરકારે 26 ફેબ્રુઆરી, 2011ના રોજ તેની શરૂઆત કરી હતી.<br>● આ ઓપરેશન અંતર્ગત 15000 નાગરિકોને બચાવવામાં આવ્યા હતા. |
| 10 | ઓપરેશન સુકૂન (2006) | ● વર્ષ 2006માં લેબેનોન યુદ્ધ દરમિયાન લેબેનોનામાં ફસાયેલા ભારત, શ્રીલંકા અને નેપાળના નાગરિકોની સુરક્ષિત ઘરવાપસી માટે આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ દૃષ્ટિ દિવસ (World Sight Day)




<u>વિશ્વ દૃષ્ટિ દિવસ</u> એ દર વર્ષે <u>ઓક્ટોબરના બીજા ગુરુવારે</u> આયોજિત એક વૈશ્વિક કાર્યક્રમ છે.

- વર્ષ 2023માં <u>12 ઓક્ટોબરના</u> રોજ આ દિવસ ઉજવવામાં આવ્યો હતો.
- વૈશ્વિક સ્તરે ઓછામાં ઓછા 1 અબજ લોકો પાસે નજીકની અથવા દૂરદર્શિતા છે જે અટકાવી શકાય છે.
- વિશ્વ દૃષ્ટિ દિવસ 2023ની થીમ '<u>Love Your Eyes at Work</u>' છે. એટલે કે કામ પર તમારી આંખોને પ્રેમ કરો.
- આ વર્ષે કાર્યસ્થળમાં તેમની દૃષ્ટિને સુરક્ષિત રાખવા વિશે શિક્ષિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE



1. સમગ્ર વિશ્વમાં 'વિશ્વ સંધિવા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 11 ઓક્ટોબર (B) 12 ઓક્ટોબર (C) 13 ઓક્ટોબર (D) 14 ઓક્ટોબર **(B)**

2. તાજેતરમાં ભારત AIBDના અધ્યક્ષ તરીકે સતત ત્રીજીવાર ચૂંટાયું છે. આ AIBD વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમનું પૂરું નામ 'એશિયા–પેસિફિક ઈન્સ્ટિટ્યૂટ ફોર બ્રોડકાસ્ટિંગ ડેવલપમેન્ટ' છે.
2. તેનું વડુંમથક ઈન્ડોનેશિયાના જકાર્તામાં આવેલું છે.
3. તેની સ્થાપના વર્ષ 1977માં સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા (UNESCO)ના સમર્થનથી કરવામાં આવી હતી.
4. તેમાં ભારત સહિત 26 એવા દેશો છે જે સંપૂર્ણ સભ્ય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1, 3 અને 4

(C) માત્ર 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. તાજેતરમાં યુદ્ધગ્રસ્ત ઈઝરાયેલમાંથી ભારતના નાગરિકોને બહાર કાઢવા માટે ભારતે કયું ઓપરેશન શરૂ કર્યું હતું ?

(A) ઓપરેશન મેઘરાજ (B) ઓપરેશન વિજય (C) ઓપરેશન અજય (D) ઓપરેશન સૂકુન **(C)**

4. 'વિશ્વ દૃષ્ટિ દિવસ' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચાં છે ?

1. તે ઓક્ટોબર માસના બીજા ગુરુવારે આયોજિત એક વૈશ્વિક કાર્યક્રમ છે.
2. વિશ્વ દૃષ્ટિ દિવસ 2023ની થીમ 'Love Your Eyes at Work' છે.

ઉપરોક્તમાંથી કયું વિધાન સાચું છે ?

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

## દિવસ મહિમા : 13 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ (International Day for Disaster Reducation)

સમગ્ર વિશ્વમાં આપત્તિનું જોખમ ઘટાડવા અને એ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 13 ઓક્ટોબરના રોજ 'આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વભરમાં આપત્તિ ઘટાડવાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના આહવાન બાદ વર્ષ **1989**માં આપત્તિ જોખમ ઘટાડવા માટે આ દિવસની સ્થાપના કરવામાં આવી હતી.
- વર્ષ 2023ની 'આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ'ની થીમ '**Fighting Inequality for a Resilient Future**' છે.

## Global Hunger Index 2023માં ભારત 111મા ક્રમે



તાજેતરમાં આયર્લેન્ડની **Concern Worldwide** અને જર્મનીની **Welthugerhilfe** દ્વારા વર્ષ 2023નો 'ગ્લોબલ હંગર ઈન્ડેક્સ' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં કુલ 125 દેશોમાંથી ભારત 111માં ક્રમે છે.
- આ ઈન્ડેક્સમાં ભારત વર્ષ 2022માં 107મા ક્રમે હતું, જ્યારે વર્ષ 2021માં 101માં ક્રમે હતું.

### Global Hunger Index 2023 Rank

વર્ષ 2023ના આ ઈન્ડેક્સમાં બેલારુસ, બોસ્નિયા અને હર્ઝેગોવિના, ચિલી, ચીન, ક્રોએશિયા, ઓસ્ટેનિયા, જ્યોર્જિયા, હંગેરી અને કુવૈત સહિત કુલ 20 દેશોનો પ્રથમ ક્રમે સમાવેશ થાય છે.

- પ્રથમ 20 દેશો બાદ ઉઝબેકિસ્તાન 21મા ક્રમે છે અને કોસ્ટા રિકા 22મા ક્રમે છે.
- આ ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમે કુલ 20 દેશોનો સમાવેશ થાય છે. આથી, આ 20 દેશોને પ્રથમ ક્રમ આપવામાં આવ્યો છે.
- પરંતુ ત્યારબાદ કોઈ દેશને બીજો ત્રીજો કે ચોથો ક્રમ આપવામાં આવ્યો નથી.
- તેની જગ્યાએ પ્રથમ ક્રમે કુલ 20 દેશો હોવાથી પ્રથમ ક્રમ બાદ સીધા 21મા ક્રમે ઉઝબેકિસ્તાન અને 22મા ક્રમે કોસ્ટા રિકા છે.
- વર્ષ 2023ના આ ઈન્ડેક્સમાં યમન, મેડાગાસ્કર અને સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક સૌથી નીચે છે.

## Global Hunger Index 2023 Rank

| Rank | Country |
|---|---|
| 1 | બેલારુસ, બોસ્નિયા અને હર્ઝેગોવિના, ચિલી, ચીન, ક્રોએશિયા, એસ્ટોનિયા, જ્યોર્જિયા, હંગેરી, કુવૈત, લાતવિયા, લિથુઆનિયા, મોલ્ડોવા, મોન્ટેનેગ્રો, ઉત્તર મેસોડોનિયા, રોમાનિયા, સર્બિયા, સ્લોવેકિયા, તુર્કી, સંયુક્ત આરબ અમીરાત, ઉરુગ્વે. |
| 21 | ઉઝબેકિસ્તાન |
| 22 | કોસ્ટા રિકા |
| 23 | બલ્ગેરિયા |
| 24 | કઝાકિસ્તાન |
| 25 | આર્મેનિયા |
| 60 | શ્રીલંકા |
| 69 | નેપાળ |
| 72 | મ્યાનમાર |
| 81 | બાંગ્લાદેશ |
| 102 | પાકિસ્તાન |
| 111 | ભારત |
| 114 | અફઘાનિસ્તાન |
| 124 | મેડાગાસ્કર |
| 125 | સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- **આ ઈન્ડેક્સમાં ભારતના પાડોશી દેશો શ્રીલંકા (60), નેપાળ (69), બાંગ્લાદેશ (81) અને પાકિસ્તાન (102)થી ભારત નીચેના ક્રમે છે.**
- **ભારતનો GHI સ્કોર વર્ષ 2023માં 28.7 છે. જે તેને ભૂખના ધોરણની 'ગંભીર' (Serious) શ્રેણીમાં મૂકે છે.**

## ઈન્ડેક્સના માપદંડ

મુખ્ય ચાર માપદંડોને આધારે આ ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવે છે :

(1) ઓછુ પોષણ (કુપોષણ)

(2) બાળ સ્ટેન્ડિંગ (તેને ઉંમર માટે ઓછી ઊંચાઈ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે)

(3) બાળ બગાડ (બગાડ એ એવા બાળકોનો ઉલ્લેખ કરે છે જેનું વજન તેમની ઊંચાઈ માટે ઓછું હોય)

(4) બાળ મૃત્યુદર

નોંધ :(1) ગ્લોબલ હંગર ઈન્ડેક્સ (GHI)ની શરૂઆત વર્ષ 2006માં IFPRI (International Food Policy Research Institute) દ્વારા કરવામાં આવી હતી.

(2) તેનો હેતુ પ્રદર્શન અને દેશ દ્વારા વૈશ્વિક ભૂખના વ્યાપને ટ્રેક કરવાનો છે.

(3) આ ઉપરાંત તેનો ઉદ્દેશ્ય વિશ્વને '2030 સુધીમાં 'ઝીરો હંગર' હાંસલ કરવામાં મદદ કરવાનો છે. તે કેટલાક ઉચ્ચ આવક ધરાવતા દેશોને રેન્ક આપતું નથી.

## ઈન્ડિયા-તાન્ઝાનિયા ઈન્વેસ્ટમેન્ટ ફોરમ



તાજેતરમાં નવી દિલ્હીમાં ઈન્ડિયા–તાન્ઝાનિયા ઈન્વેસ્ટમેન્ટ ફોરમમાં તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ સુશ્રી સામિયા સુલુહ હસનનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

- આ પ્રસંગે ભારત અને તાન્ઝાનિયાએ તેમના દ્વિપક્ષીય સંબંધોને ભાગીદારીના સ્તરે અપગ્રેડ કર્યા છે.
- બંને દેશોએ વિવિધ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રમાં સહયોગને મજબૂત કરવા માટે છ કરારો પર હસ્તાક્ષર કર્યા હતા.
- તેમાં ડિજિટલ ડોમેન, સંસ્કૃતિ, રમતગમત, દરિયાઈ ઉદ્યોગ અને વ્હાઈટ શિપિંગ માહિતી શેરિંગમાં સહકારનો સમાવેશ થાય છે.
- આ કરારો બંને દેશો વચ્ચે ટેકનિકલ અને સાંસ્કૃતિક આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવાનો પાયો નાખે છે.
- બંને દેશો ભારતમાં અધિકૃત બેંકોને તાન્ઝાનિયામાં સંવાદદાતા બેંકો સાથે સ્પેશિયલ રૂપી વોસ્ટ્રો એકાઉન્ટ્સ (SRVA) ખોલવા સક્ષમ બનાવીને ભારતીય રૂપિયા અને તાન્ઝાનિયન શિલિંગ વચ્ચેના વેપારને પ્રોત્સાહન આપી રહ્યા છે.
- નવા સ્થપાયેલા પાંચ વર્ષનો સંરક્ષણ રોડમેપ સૈન્ય તાલીમ, દરિયાઈ સહયોગ, ક્ષમતા નિર્માણ અને સંરક્ષણ ક્ષેત્રમાં વિસ્તૃત સહકારને સમર્થન આપશે.
- આ ઉપરાંત બંને દેશો હિન્દ મહાસાગર ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષામાં સહયોગ વધારવા સંમત થયા હતા.

JOIN WhatsApp Group/joinicerajkot.com CLICK HERE icerajkot

## તાન્ઝાનિયા

તાન્ઝાનિયા એ પૂર્વ આફ્રિકામાં સ્થિત એક દેશ છે.

- તે ઉત્તરમાં યુગાન્ડા, ઉત્તરપૂર્વમાં કેન્યા, પૂર્વમાં હિન્દ મહાસાગર, દક્ષિણમાં મોઝામ્બિક અને માલાવી, દક્ષિણ પશ્ચિમમાં ઝામ્બિયા અને પશ્ચિમમાં રવાન્ડા, બુરુન્ડી અને ડેમોક્રેટિક ઓફ કોંગો સાથે સરહદ ધરાવે છે.
- ઝાંઝીબાર, પેમ્બા અને માફિયા ટાપુઓ પણ તાન્ઝાનિયાનો ભાગ છે.
- તાન્ઝાનિયાની રાજધાની ડોડોમાં છે. (આ ઉપરાંત વહીવટી રાજધાની દાર–એસ–સલામ છે.)
- તેમનું ચલણ તાન્ઝાનિયન શિલિંગ છે.
- તેના ઉત્તરીય વિસ્તારમાં વિક્ટોરિયા તળાવનો દક્ષિણ ભાગ છે જે નાઈલ નદીનો સ્ત્રોત છે.
- તેનો ઉત્તરપૂર્વીય ભાગ ડુંગરાળ વિસ્તારથી ઘેરાયેલો છે. આ વિસ્તારમાં સક્રિય જ્વાળામુખી માઉન્ટ મેરુ અને માઉન્ટ કિલીમંજારો છે, જે આફ્રિકાનો સૌથી ઊંચો પર્વત અને વિશ્વનો સૌથી ઊંચો સિંગલ ફ્રી સ્ટેન્ડિંગ પર્વત છે.
- આ ઉપરાંત પશ્ચિમમાં તાંગાનિકા તળાવ છે જે વિશ્વનું બીજુ સૌથી ઊંડું તળાવ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 11 ઓક્ટોબર (B) 12 ઓક્ટોબર (C) 13 ઓક્ટોબર (D) 14 ઓક્ટોબર — **(C)**

2. 'ગ્લોબલ હંગર ઈન્ડેક્સ 2023'માં ભારત કયા ક્રમે છે ?

(A) 101 (B) 107 (C) 111 (D) 117 — **(C)**

3. 'ગ્લોબલ હંગર ઈન્ડેક્સ 2023'માં પ્રથમ ક્રમે કુલ કેટલા દેશોનો સમાવેશ થાય છે ?

(A) 17 (B) 18 (C) 19 (D) 20 — **(D)**

4. તાજેતરમાં સુશ્રી સામિયા સુલુહુ હસનએ ભારતની મુલાકાત લીધી હતી. તેઓ કયા દેશના રાષ્ટ્રપતિ છે ?

(A) રવાન્ડા (B) માલાવી (C) મોઝામ્બિક (D) તાન્ઝાનિયા — **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## દિવસ મહિમા : 14 ઓક્ટોબર, (1) આંતરરાષ્ટ્રીય ઇ-વેસ્ટ દિવસ
## (2) વિશ્વ માનક દિવસ અથવા વિશ્વ માપદંડ દિવસ (World Standards Day)

### વિશ્વ માનક દિવસ

'વિશ્વ માનક દિવસ' અથવા 'વિશ્વ માપદંડ દિવસ' (World Standards Day) સમગ્ર વિશ્વમાં 14 ઓક્ટોબરના રોજ ઉજવવામાં આવે છે.

- આ દિવસ આંતરરાષ્ટ્રીય માપદંડના સ્વરૂપમાં પ્રકાશિત સ્વૈચ્છિક તકનીકી કરારો બનાવવા માટે ઘણા નિષ્ણાતોના પરસ્પર અને સહયોગી પ્રયાસોને સન્માનિત કરવાના હેતુથી ઉજવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ગ્રાહકો, નિયમનકારો અને ઉદ્યોગમાં વૈશ્વિક અર્થવ્યવસ્થાને પ્રમાણિત કરવાના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો છે.
- આ દિવસ 1946માં લંડનમાં યોજાયેલી 25 દેશોના પ્રતિનિધિઓની પ્રથમ બેઠકને ચિહ્નિત કરે છે. જેમણે માનકીકરણની સુવિધા માટે આંતરરાષ્ટ્રીય સંસ્થા બનાવવાનું નક્કી કર્યું હતું.
- વિશ્વ માનક દિવસનું આયોજન સૌપ્રથમ વર્ષ 1970માં કરવામાં આવ્યું હતું.

નોંધ : ભારતમાં વસ્તુ અને તેના સંબંધિત પ્રવૃત્તિઓના માનકીકરણ, માર્કિંગ અને ગુણવત્તા જેવી પ્રવૃત્તિઓના સુમેળભર્યા વિકાસની દેખરેખ માટે 'ભારતીય માનક બ્યુરો (BIS)ની સ્થાપના કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## World Economic Outlook : IMF

તાજેતરમાં ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) દ્વારા 'વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક 2023' બહાર પાડવામાં આવ્યું છે.

- જેને 'નેવિગેટિંગ ગ્લોબલ ડાયવર્જન્સ' નામ આપવામાં આવ્યું છે.
- વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક 2023 અનુસાર ભારતીય અર્થવ્યવસ્થા અગાઉના અંદાજ કરતા વધુ ઝડપી વૃદ્ધિ કરશે.

### વર્લ્ડ ઈકોનોમિક આઉટલુકની મુખ્ય બાબતો

#### વૈશ્વિક વૃદ્ધિ

IMFએ 2023માં વૈશ્વિક GDP વૃદ્ધિ 3%નો અંદાજ મૂક્યો છે, જે જુલાઈ 2023 માટે તેના અનુમાન વૈશ્વિક GDP જેટલો જ છે.

- જોકે 2024 માટે વૈશ્વિક GDP વૃદ્ધિ જુલાઈના અનુમાનથી 10 બેસિસ પોઈન્ટ ઘટીને 2.9% થઈ ગઈ છે.

## ફુગાવો અને નાણાકીય નીતિ

IMFનો અંદાજ છે કે વૈશ્વિક ફુગાવો 2024માં 5.8%ના દરે વધશે, જે 5.2% વૃદ્ધિના અંદાજિત ત્રણ મહિનાના દર કરતા વધુ ઝડપી છે, અને આ અંદાજો સપ્તાહના અંતની ઘટનાઓ અને તેના પરિણામોને ધ્યાનમાં લેતા નથી.

## ચિંતાઓ અને જોખમો

ફુગાવાને પહોંચી વળવા કેન્દ્રીય બેંકો દ્વારા અમલમાં મુકવામાં આવેલી ચુસ્ત નાણાકીય નીતિઓ, જે 2022 સુધીમાં 8.7% સુધી પહોંચવાની તૈયારીમાં છે.

- અને યુક્રેન પર રશિયાના આક્રમણ, મહામારી અને પુરવઠા શૃંખલામાં વિક્ષેપના પરિણામે અસમાન પુનઃપ્રાપ્તિના કારણે વૃદ્ધિ પાછળ રહી છે.

## ચીનની અર્થવ્યવસ્થાની આગાહી

ચીનની અર્થવ્યવસ્થા 2023માં 5% વધવાની ધારણા છે, જે 2022માં તેની 3% વૃદ્ધિથી વધુ છે.

- 2023 અને 2024માં ચીનની વૃદ્ધિ માટે IMFનું ઓક્ટોબર અનુમાન તેના જુલાઈના અનુમાન કરતા 20 અને 30 બેસિસ પોઈન્ટ ઓછુ છે.
- જે દર્શાવે છે કે વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાને તેની સ્થિતિ જાળવી રાખવામાં મુશ્કેલીનો સામનો કરવો પડશે.

## ભારત સંબંધિત તારણો

2023-24 માટે ભારતનો GDP 6.3% રહેશે, જે જુલાઈ 2023થી 20 બેસિસ પોઈન્ટનો વધારો છે.

- નાણાકીય વર્ષ 2024-25 માટે ભારતનો GDP વૃદ્ધિ અનુમાન 6.3% પર યથાવત છે.
- જૂન 2023ના અંતે પૂરા થયેલા ક્વાર્ટરમાં 7.8%ની મજબૂત વૃદ્ધિ હોવા છતા IMFએ સત્ર 2023-24 માટે ભારતની GDP વૃદ્ધિમાં વધારો થવાનો અંદાજ મૂક્યો છે.
- વાર્ષિક વૃદ્ધિનો આંકડો હજુ પણ RBI મોનેટરી પોલિસી કમિટીના 6.5%ના લક્ષ્યાંક કરતા ઓછો છે.

## IMF

IMFનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ' છે.

- તેનું વડું મથક અમેરિકાના વોશિંગ્ટન ડિસી ખાતે આવેલું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય ચૂકવણી પધ્ધતિઓમાં આવતી મૂશ્કેલીઓ દૂર કરવામાં તથા આંતરરષ્ટ્રીય નાણાકીય કટોકટીના સંતુલનમાં તેની મુખ્ય ભૂમિકા છે. તેમના કાર્યો આ મુજબ છે :

  (1) સમગ્ર વિશ્વમાં નાણાંકીય સ્થિરતા સુરક્ષિત રાખવી

  (2) આંતરરાષ્ટ્રીય વ્યાપાર સરળ બનાવવો

  (3) ઉચ્ચ રોજગાર અને ટકાઉ આર્થિક વૃધ્ધિને પ્રોત્સાહન આપવું

  (4) સમગ્ર વિશ્વમાં ગરીબી ઘટાડવી –વગેરેનો સમાવેશ થાય છે.

નોંધ : (1) વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક એ IMF દ્વારા એક સર્વે છે જે સામાન્ય રીતે એપ્રિલ અને ઓક્ટોબર મહિનામાં બે વખત પ્રકાશિત થાય છે. આ ઉપરાંત જાન્યુઆરી અને જુલાઈમાં અપટેડ કરે છે.

(2) તે નજીકના અને મધ્યમગાળા દરમિયાન વૈશ્વિક આર્થિક વિકાસનું વિશ્લેષણ રજૂ કરે છે.

## સરસ્વતી સન્માન 2022

તમિલ લેખક સુશ્રી શિવશંકરીને તેમના સંસ્મરણો (જીવનચરિત્ર) 'સુર્ય વંશમ' અથવા 'સુર્ય વામસમ' માટે સરસ્વતિ સન્માન 2022થી સન્માનિત કરવામાં આવ્યા હતા.




- સૂર્ય વંશમ અથવા સુર્ય વામસમ એ બે ખંડનું જીવનચરિત્ર છે જે લેખકની સાત દાયકાની સાહિત્યિક સફર અને સામાજિક ફેરફારોની રૂપરેખા આપે છે.
- આ પુરસ્કાર દર વર્ષે ભારતીય બંધારણની આઠમી અનુસૂચિમાં સમાવિષ્ટ 22 ભાષાઓના ભારતીય લેખકો દ્વારા છેલ્લા 10 વર્ષમાં પ્રકાશિત સાહિત્યિક કૃતિઓ માટે આપવામાં આવે છે.
- આ એવોર્ડ કે.કે.બિરલા ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવે છે.
- આ એવોર્ડમાં 15 લાખ રૂપિયાની રકમ, એક તકતી અને પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે.
- સરસ્વતિ સન્માન ઉપરાંત વ્યાસ સન્માન અને બિહારી પુરસ્કાર એ બિરલા ફાઉન્ડેશન દ્વારા સ્થાપિત અન્ય સાહિત્યિક પુરસ્કારો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** “આંતરરાષ્ટ્રીય ઈ–વેસ્ટ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 ઓક્ટોબર (B) 13 ઓક્ટોબર (C) 14 ઓક્ટોબર (D) 15 ઓક્ટોબર **(C)**

**2.** ‘વિશ્વ માનક દિવસ’ અથવા તો 'World Standards Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 ઓક્ટોબર (B) 13 ઓક્ટોબર (C) 14 ઓક્ટોબર (D) 15 ઓક્ટોબર **(C)**

**3.** તાજેતરમાં IMF દ્વારા 'World Economic Outlook' (ઓક્ટોબર, 2023) બહાર પાડવામાં આવ્યો હતો. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. IMFએ 2023માં વૈશ્વિક GDP વૃદ્ધિમાં 3%નો અંદાજો મૂક્યો છે.
2. IMFનો અંદાજ છે કે વૈશ્વિક ફુગાવો 2024માં 5.8%ના દરે વધશે.
3. ચીનની અર્થવ્યવસ્થા 2023માં 5% વધવાની ધારણા છે, જે 2022માં તેની 3% વૃદ્ધિથી વધુ છે.
4. IMFના જણાવ્યા અનુસાર 2023-24 માટે ભારતનો GDP 6.3% રહેશે, જે જુલાઈ 2023થી 20 બેસિસ પોઈન્ટનો વધારો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1, 2 અને 3 (B) 1, 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 4 (D) ફક્ત 2, 3 અને 4 **(B)**

**4.** તાજેતરમાં કોને ‘સરસ્વતિ સન્માન 2022’થી સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) સુશ્રી શિવશંકરી (B) સુશ્રી કિરણ દેસાઈ (C) સુશ્રી કમલાદાસ (D) સુશ્રી અરુંધતી રોય **(A)**

**5** તાજેતરમાં સુશ્રી શિવશંકરીને ‘સરસ્વતી સન્માન 2022’થી સન્માનિત કરવામાં આવ્યા છે. તેઓ કયા ભાષાના લેખક છે ?

(A) બંગાળી (B) તમિલ (C) રાજસ્થાની (D) ગુજરાતી **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **મુખ્યમંત્રીશ્રીએ રાહત ફંડમાં યોગદાન માટે ઓનલાઈન પોર્ટલ શરૂ કર્યુ**

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં મુખ્યમંત્રી રાહત ફંડમાં દાનની ઓનલાઈન સ્વીકૃતિ માટેનું પોર્ટલ લોન્ચ કર્યુ છે. રાજ્યના મહેસુલ વિભાગ દ્વારા કાર્યરત ઓનલાઈન પોર્ટલ દ્વારા કોઈપણ વ્યક્તિ હવે ઓનલાઈન લિંક પર ક્લિક કરી શકે છે અને મુખ્યમંત્રી રાહત ફંડમાં તેમનું દાન ફાળો આપી શકે છે. આ લિંક પર ક્લિક કરવાથી સંબંધિત વ્યક્તિના મોબાઈલ નંબર પર એક OTP જનરેટ થશે અને દાતાએ નામ, સરનામું, પાનકાર્ડ, ઈ–મેલ આઈડી જેવી મૂળભૂત વિગતો ભરવાની રહેશે અને સબમિટ કરાવવાની રહેશે. રાહત ફંડ દ્વારા મળેલ દાનનો ઉપયોગ રાજ્ય સરકાર જરૂરિયાતમંદ લોકોને મદદ કરવા માટે કરે છે. કુદરતી આફતોના સમયમાં તેમજ કેન્સર, હાર્ટ સર્જરી, ફેફસાની બદલી વગેરે રોગો જેવી બિમારી માટે આ ફંડમાંથી વ્યક્તિઓને સહાય પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત ફંડ એવા વ્યક્તિઓને પણ સહાય પૂરી પાડે છે કે જેમણે ગંભીર માર્ગ અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવ્યો હોય અથવા ગંભીર ઈજાઓ પહોંચી હોય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **મની બિલ પડકારની સુનાવણી માટે સુપ્રીમ કોર્ટ સાત જજોની બેન્ચની રચના કરશે**

ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય.ચંદ્રચુડે જાહેરાત કરી છે કે ભારત સરકાર દ્વારા અમુક કાયદાઓ પસાર કરવા માટે મની બિલના માર્ગના ઉપયોગને પડકારતી અરજીઓની સુનાવણી માટે સાત જજની બેન્ચની રચના કરવામાં આવશે. આ વિકાસ બિલોના મની બિલ તરીકે વર્ગીકરણ અને ભારતની સંસદીય પ્રણાલીમાં તેમના પસાર થવા પર પ્રશ્નો ઊભા કરે છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA)માં થયેલા સુધારાને પડકારતી સુનાવણી દરમિયાન સાત જજોની બેન્ચની રચના કરવાનો નિર્ણય આવ્યો હતો. નોંધનીય છે કે ત્રણ જજોની બેન્ચે અગાઉ જુલાઈ 2022માં PMLA અને EDની વ્યાપક સત્તાઓને સમર્થન આપ્યું હતું.

➤ **સાગર પરિક્રમા**



સાગર પરિક્રમા કાર્યક્રમનો નવમો તબક્કો 7 ઓક્ટોબર, 2023ના રોજ શરૂ થયો હતો. સાગર પરિક્રમાનો ઉદ્દેશ્ય વિવિધ યોજનાઓ દ્વારા માછીમારો અને અન્ય હિસ્સેદારોના પ્રશ્નોને સંબોધિત કરવાનો છે. જ્યારે તેઓના આર્થિક ઉત્થાનની સુવિધા આપે છે. આ કાર્યક્રમનો નવમો તબક્કો તમિલનાડુ અને પુડુચેરીના તટીય જિલ્લાઓને આવરી લેશે. આવરી લેવામાં આવેલા વિસ્તારોમાં પુડુક્કોટ્ટાઈ, તંજાવુર, નાગાપટ્ટિનમ, માયલાદુથુરાઈ, કુડ્ડુલોર, વિલુપ્પુરમ, ચેંગલપટ્ટ, ચેન્નાઈ, કરાઈકલ અને પુડુચેરીનો સમાવેશ થાય છે. આ યાત્રા તમિલનાડુના રામનાદ જિલ્લાના થોન્ડીથી શરૂ થશે અને વિવિધ જિલ્લાઓ અને પુડુચેરીમાંથી પસાર થઈને ચેન્નાઈ સુધી ચાલુ રહેશે.

➤ **ઓપરેશન કચ્છપ**



ગેરકાયદેસર વન્યપ્રાણી વેપાર સામે ચાલી રહેલી લડાઈ અને અનોખા જીવોના રક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરીને ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ દ્વારા આયોજિત 'કચ્છપ' નામના ઓપરેશનમાં ગંગા નદીના લગભગ એક હજાર કાચબાને સફળતાપૂર્વક બચાવી લેવામાં આવ્યા છે. ભારતમાં ગંગા નદી પ્રણાલીમાં કાચબાની 13 પ્રજાતિઓ જોવા મળે છે, હાલમાં તેઓ વસવાટના નુકસાન અને પ્રદૂષણના પરિણામે વિવિધ જોખમોનો સામનો કરે છે. ઓપરેશનના પરિણામે ભારતીય ટેન્ટ ટર્ટલ, ઈન્ડિયન ફ્લેપશેલ ટર્ટલ, બ્લેક સ્પોટેડ/પોન્ડ ટર્ટલ અને બ્રાઉન રૂફડ ટર્ટલ જેવી વિવિધ પ્રજાતિઓના શિશુ કાચબાની પુનઃપ્રાપ્તિ થઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **રાષ્ટ્રીય જળમાર્ગ 44**

રાષ્ટ્રીય જળમાર્ગ 44 પર બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા નોંધપાત્ર ડ્રેજિંગ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે, જેમાં પશ્ચિમ બંગાળની ઈચામતી નદીનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ ઈચામતી નદીની નેવિગેશન ડેપ્થ વધારવાનો છે, જે ભરતીની અસરોનું સંચાલન કરવાની તેની ક્ષમતાને વધારવામાં મદદ કરશે. આ નદી ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની સરહદ તરીકે સેવા આપે છે, તે બંને દેશોમાંથી વહે છે અને તેના ત્રણ અલગ વિભાગો છે. આ ઉપરાંત પશ્ચિમ બંગાળના ઉત્તર 24 પરગણા જિલ્લામાં સ્થિત ઓક્સબો તળાવ પણ સ્રોત છે. ઈચામતી જેવા રાષ્ટ્રીય જળમાર્ગો પરિવહન માટે જરૂરી છે.

➤ **ડ્રોન (સુધારા) નિયમો 2023**



ભારતમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ડ્રોન (સુધારા) નિયમો 2023 રજુ કર્યા છે. જે 27 સપ્ટેમ્બર, 2023થી અમલમાં આવશે. આ સુધારાઓનો ઉદ્દેશ્ય 2030 સુધીમાં ભારતને વૈશ્વિક ડ્રોન હબ તરીકે સ્થાપિત કરવાના હેતુથી સમગ્ર દેશમાં ડ્રોન કામગીરીને ઉદાર બનાવવા, પ્રોત્સાહન આપવા અને સુવ્યવસ્થિત કરવાનો છે. નવા નિયમોમાં સૌથી નોંધપાત્ર ફેરફાર એ છે કે રિમોટ પાઈલટ પ્રમાણપત્ર મેળવવા માટે ડ્રોન પાઈલટ્સ માટે પાસપોર્ટ રાખવાની જરૂરિયાતને દૂર કરવી. તેના બદલે વ્યક્તિઓ હવે પ્રમાણપત્ર માટે અરજી કરવા માટે સરકાર દ્વારા જારી કરાયેલ ઓળખના પુરાવા અને સરનામાના પુરાવાનો ઉપયોગ કરી શકે છે, જેમ કે મતદાર આઈડી કાર્ડ, રેશન કાર્ડ અથવા ડ્રાઈવિંગ લાઈસન્સ. DGCA અનુસાર ડિજિટલ સ્કાય પ્લેટફોર્મ પર નોંધાયેલ માન્ય રિમોટ પાઈલટ સર્ટિફિકેટ ધરાવનાર વ્યક્તિઓ જ ભારતમાં માનવરહિત એરક્રાફ્ટ સિસ્ટમ ચલાવવા માટે અધિકૃત છે. જોકે બિન–વાણિજ્યિક ડ્રોન ઉપયોગ માટે 2 કિલો સુધીના વજનવાળા ડ્રોન માટે કોઈ રિમોટ પાઈલટ પ્રમાણપત્રની જરૂર નથી. રિમોટ પાયલોટ પ્રમાણપત્ર મેળવવા માટે વ્યક્તિની ઉંમર 18 થી 65 વર્ષની હોવી જોઈએ. તેઓએ માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી 10મા ધોરણની પરીક્ષા અથવા તેની સમકક્ષ પાસ કરેલ હોવી જોઈએ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **નેશનલ ફ્રેમવર્ક ફોર ક્લાઈમેટ સર્વિસીસ (NFCS)**

નેશનલ ફ્રેમવર્ક ફોર ક્લાઈમેટ સર્વિસીસ (NFCS) તરીકે ઓળખાતા ભારતીય હવામાન વિભાગ (IMD)ના નેતૃત્વમાં ભારત એક અભૂતપૂર્વ પહેલ શરૂ કરી રહ્યું છે. આ વ્યાપક કાર્યક્રમનો ઉદ્દેશ્ય કૃષિ, ઊર્જા, આપત્તિ વ્યવસ્થાપન, આરોગ્ય અને જળ સંસાધનો સહિતના વિવિધ ક્ષેત્રોને આબોહવા સેવાઓ અને માહિતી પ્રદાન કરવાનો છે. NFCS એ ગ્લોબલ ફ્રેમવર્ક ફોર ક્લાઈમેટ સર્વિસીસ (GFCS)માંથી પ્રેરણા મેળવે છે, જે 2009માં ત્રીજી વર્લ્ડ ક્લાઈમેટ સમિટ દરમિયાન સ્થાપિત વૈશ્વિક ભાગીદારી છે. GFCSનો પ્રાથમિક ઉદ્દેશ્ય સંશોધકો વચ્ચે સહયોગને સરળ બનાવવા માટે આબોહવાની માહિતી અને સેવાઓના ઉત્પાદન અને ઉપયોગમાં સુધારો કરવાનો છે. આ ભાગીદારીનું નેતૃત્વ દરેક દેશમાં નેશનલ મીટીરોલોજિકલ એન્ડ હાઈડ્રોલોજિકલ સર્વિસીસ (NMHS) દ્વારા કરવામાં આવે છે. જેમાં લાંબાગાળાના પડકારોને અસરકારક રીતે સામનો કરવા માટે વપરાશકર્તા–મૈત્રીપૂર્ણ આબોહવાની માહિતી પર ભાર મૂકવામાં આવે છે.



➤ **બૈગા આદિવાસી જૂથને આવાસ અધિકારો આપવામાં આવ્યા**

છત્તીસગઢ વિધાનસભાની ચૂંટણીઓ પહેલા રાજ્યમાં ખાસ કરીને નબળા આદિવાસી જૂથો (PVTG) માટે આવાસના અધિકારો માન્યતા આપવામાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. કમર PVTG પછી બાઈગા PVTG આવાસના અધિકારો મેળવનાર બીજું જૂથ બન્યું છે. આ અધિકારો PVTGને તેમના પરંપરાગત રહેઠાણો, તેમની સામાજિક–સાંસ્કૃતિક પ્રથાઓ, આજીવિકા અને જૈવવિવિધતાના જ્ઞાનને જાળવવાનો અધિકાર પૂરો પાડે છે. આવાસનો અધિકાર એ વસવાટના અધિકારોની માન્યતા નબળા આદિવાસી સમૂદાયોને તેમના પરંપરાગત વિસ્તારો, સામાજિક–સાંસ્કૃતિક પ્રથાઓ, આજીવિકા અને કુદરતી સંસાધનોના પરંપરાગત જ્ઞાન પર અધિકારો પ્રદાન કરીને સશક્તિકરણ કરે છે.

➤ **ભારત NCX 2023**

'ભારત NCX 2023' તરીકે ઓળખાતી નેશનલ સાયબર સિક્યોરિટી એક્સરસાઈઝની બીજી આવૃત્તિ 9 ઓક્ટોબરથી 12 દિવસના સમયગાળામાં હાઈબ્રિડ એક્સરસાઈઝ તરીકે શરૂ થઈ છે. આ મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય(NSCS) દ્વારા ચલાવવામાં આવે છે. તેનો ઉદ્દેશ સરકારી એજન્સીઓ, મહત્ત્વપૂર્ણ ક્ષેત્રની સંસ્થાઓ અને જાહેર તથા ખાનગી સંસ્થાઓના વરિષ્ઠ સંચાલન અને તકનીકી કર્મચારીઓને તાલીમ આપવાનો છે. આ કવાયત સમકાલીન સાયબર ધમકીઓ, ઘટના પ્રતિભાવ અને પ્રતિભાવ વ્યૂહરચનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



➤ **INS સાગરધ્વની સાગર મૈત્રી મિશન-4 માટે રવાના**

12 ઓક્ટોબરના રોજ, DRDO હેઠળ નેવલ ફિઝિકલ એન્ડ ઓશોનોગ્રાફિક લેબોરેટરી (NPOL)ની માલિકીનું સમુદ્રશાસ્ત્રીય સંશોધન જહાજ INS સાગરધ્વની બે મહિનાના સાગર મૈત્રી (sm) મિશન-4 પર સઘન નેવલ કમાન્ડની દક્ષિણ જેટીથી રવાના થયું છે. DRDOની સાગર મૈત્રી પહેલનો ઉદ્દેશ હિંદ મહાસાગર દેશો વચ્ચે સામાજિક–આર્થિક પાસાઓમાં ગાઢ સહકારને પ્રોત્સાહન આપવાનો અને ખાસ કરીને દરિયાઈ સંશોધનના ક્ષેત્રમાં વૈજ્ઞાનિક ક્રિયાપ્રતિક્રિયાને વધારવાનો છે. આ પહેલ હેઠળ DRDOએ MAITRI લોન્ચ કર્યુ હતું. જે 'મરીન એન્ડ અલાઈડ ઈન્ટરડિસિપ્લિનરી ટ્રેનિંગ એન્ડ રિસર્ચ ઈનિશિયેટિવ' છે.

➢ **મેરા યુવા ભારત**

તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળે એક સ્વાયત્ત સંસ્થા 'મેરા યુવા ભારત' (My Bharat)ની સ્થાપનાને મંજૂરી આપી છે. જે યુવા વિકાસ અને યુવા નેતૃત્વ વિકાસ માટે ટેક્નોલોજી આધારિત વ્યાપક સક્ષમ તંત્ર તરીકે કાર્ય કરે છે. 'મેરા યુવા ભારત' સંસ્થા રાષ્ટ્રીય યુવા નીતિમાં 'યુવા'ની વ્યાખ્યાને અનુરૂપ 15-29 વર્ષની વયજૂથના યુવાનોને લાભ આપશે. આ પ્રોગ્રામના ઘટકો ખાસ કરીને 10-19 વર્ષની વય જૂથના લાભાર્થીઓ સાથે કિશોરો માટે રચાયેલ છે. આ નવી પ્રણાલી હેઠળ યુવાનો સંસાધનોની એક્સેસ અને તકો સાથે જોડાણ દ્વારા સમુદાય પરિવર્તનના એજન્ટ અને રાષ્ટ્ર નિર્માતા બનશે, તેમને સરકાર અને નાગરિકો વચ્ચે યુવા સેતુ તરીકે કામ કરવાની તક આપશે.

## વિશ્વ

➢ **Children Displaced in a Changing Climate**

યુનિસેફ અને ઈન્ટરનલ ડિસ્પ્લેસમેન્ટ મોનિટરિંગ સેન્ટર (IDMC) દ્વારા હાથ ધરવામાં આવેલા તાજેતરના અભ્યાસે પ્રારંભિક વલણ જાહેર કર્યુ છે કે આત્યંતિક હવામાનની ઘટનાઓને કારણે છેલ્લા છ વર્ષમાં ઓછામાં ઓછા 43 મિલિયન બાળકોનું વિસ્થાપન થયું છે. દરરોજ સરેરાશ 20,000 બાળકોને તેમના ઘર અને શાળાઓ છોડવા માટે મજબૂર કરવાના ચિંતાજનક સ્તર સમાન છે. સંશોધનમાં બાળકો પર પૂર, તોફાન, જંગલની આગ અને દુષ્કાળની ઊંડી અસર અને ઓબાહવા પગલાની તાત્કાલિક જરૂરિયાત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. 2016 અને 2021ની વચ્ચે નોંધાયેલા બાળકોના વિસ્થાપનમાં પૂર અને વાવાઝોડાનો હિસ્સો 95% હતો. રિપોર્ટ અનુસાર ચીન, ફિલિપાઈન્સ અને ભારતમાં સંયુક્ત રીતે કુલ 22.3 મિલિયન બાળકો વિસ્થાપિત થયા હતા, જે કુલ બાળકોના અડધાથી વધુ છે. ડોમિનિકા અને સેન્ટ માર્ટિન જેવા નાના કેરેબિયન ટાપુઓ તોફાનથી ગંભીર રીતે પ્રભાવિત થયા હતા. ડોમિનિકામાં 76% બાળકો હરિકેન મારિયાને કારણે વિસ્થાપિત થયા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **છઠ્ઠો મૂળ સ્વાદ**

પરંપરાગત પાંચ મૂળભૂત સ્વાદો જેવા કે મીઠી, ખાટી, નમકીન, કડવી અને ઉમામી વર્ષોથી આપણા સ્વાદની સમજનો ભાગ છે. જોકે તાજેતરના વૈજ્ઞાનિક સંસોધનોએ છઠ્ઠા મૂળભૂત સ્વાદ સંવેદનાના પુરાવા જાહેર કર્યા છે. નેચર કોમ્યુનિકેશનમાં પ્રકાશિત થયેલા તાજેતરના અભ્યાસ અનુસાર છઠ્ઠા મૂળભૂત સ્વાદનું અસ્તિત્વ જાહેર કરવામાં આવ્યું છે. આ નવો સ્વાદ એમોનિયમ ક્લોરાઈડ દ્વારા ઉત્પન્ન થાય છે અને તે પ્રોટીન રીસેપ્ટરને સક્રિય કરે છે જે ખાટા સ્વાદને સંકેત આપવા માટે જવાબદાર છે. સંશોધનમાં OTOP1 નામના પ્રોટીનની ઓળખ કરવામાં આવી હતી જે ખાટા સ્વાદને શોધવા માટે જવાબદાર છે. OTOP1 કોષ પટેલની અંદર સ્થિત છે અને કોષમાં પ્રવેશવા માટે હાઈડ્રોજન આયન માટે એક ચેનલ બનાવે છે.

➤ **SPEX 2030 પહેલ : WHO**

વિશ્વભરમાં લાખો લોકો દૃષ્ટિની સમસ્યાઓથી પીડાય છે, જેમાંથી મોટા ભાગના લોકોને ચશ્માની જરૂર પડે છે. ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં આંખની સંભાળની સુવિધાઓની પહોંચ એ એક મોટો પડકાર છે. આ કટોકટીને ધ્યાનમાં રાખીને વર્ષ 2021માં આયોજિત 74મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં એકીકૃત અને લોકો–કેન્દ્રિત આંખની સંભાળ પૂરી પાડવા માટે 'SPEX 2030' નામની પહેલ શરૂ કરવા સંમત થયા છે. SPEX 2030 પહેલ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા શરૂ કરવામાં આવશે. આ પહેલનો ઉદ્દેશ્ય સભ્ય દેશોને આંખની ગુણવત્તાની સંભાળ સુનિશ્ચિત કરતી વખતે ચશ્માના મુદ્દાને ઉકેલવામાં મદદ કરવાનો છે. તેનું ધ્યેય રીફ્રેક્ટિવ એરર કવરેજ પર 74મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલી દ્વારા સમર્થન આપેલ 2030 લક્ષ્યાંક હાંસલ કરવામાં સભ્યો દેશોને મદદ કરવાનું છે.





1. તાજેતરમાં યુરોપનું પ્રથમ ખાનગી રોકેટ લોન્ચ કરવામાં આવ્યું હતું. તેનું નામ જણાવો. – મિઉરા-1
2. દર વર્ષે કયા દિવસે 'વર્લ્ડ સેરેબ્રલ પાલ્સી ડે'ની ઉજવણી કરવામાં આવે છે ? – 6 ઓક્ટોબર
3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'દાંદેલી વન' કયા રાજ્યમાં સ્થિત છે ? – કર્ણાટક
4. ICC વર્લ્ડ કપ 2023ના ગ્લોબલ એમ્બેસેડર તરીકે કોની વરણી થઈ છે ? – શ્રી સચિન તેંડુલકર
5. કઈ સંસ્થાએ સામાજિક બોન્ડ દ્વારા રૂ.1000 કરોડથી વધુ એકત્રિત કર્યા છે ? – NABARD
6. તાજેતરમાં કયા દેશે 'વાર્ષિક IAEA જનરલ કોન્ફરન્સ'નું આયોજન કર્યું હતું ? – ઓસ્ટ્રિયા
7. તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા 'સ્માર્ટ સિટીઝ મિશન, ભારત : સ્થાનિકીકરણ SDGS' રિપોર્ટ તૈયાર કર્યો છે ? – આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય
8. તાજેતરમાં કઈ સંસ્થાએ 'પશુધન અને ચોખા પ્રણાલીમાં મિથેન ઉત્સર્જન' નામનો અહેવાલ બહાર પાડ્યો છે ? – FAO
9. નીતિ આયોગ સાથે મળીને બનાવેલા એક નવા અહેવાલ મુજબ જુલાઈ 2023માં દેશમાં સૌથી વધુ વીજળીની માંગ કયા રાજ્યમાં હતી ? – ઉત્તરપ્રદેશ
10. SPI અથવા સ્ટાન્ડર્ડાઈઝ્ડ પ્રિસિપિટેશન ઈન્ડેક્સ (SPI) એ કયા પરિમાણને મોનિટર કરવા માટે વપરાતુ સાધન છે ? – દુષ્કાળ
11. તાજેતરમાં કયા દેશે સત્તાવાર રીતે બંધારણમાં તેના પરમાણુ શસ્ત્રોની સ્થિતિને એમ્બેડ કરી છે ? – ઉત્તર કોરિયા
12. 'યશસ્વિની' કઈ સંસ્થાની મહિલા બાઈકર્સનું જૂથ છે ? – CRPF
13. ISROનું ફ્લાઈટ ટેસ્ટ વ્હીકલ એબોર્ટ મિશન-1 (TV-D1) કયા મિશન માટે નિર્ણાયક પરીક્ષણ છે ? – ગગનયાન
14. 'ડ્રેકોનિડ' શબ્દ તાજેતરમાં સમાચારમાં હતો તે કોની સાથે સંબંધિત છે ? – ઉલ્કાવર્ષા
15. કઈ સંસ્થા દ્વારા 'સુગર પ્રાઈસ ઈન્ડેક્સ' બહાર પાડવામાં આવ્યો હતો ? – FAO
16. 'મુશ્ક બુડજી' એ સુગંધિત ચોખાની જાત છે જે કયા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં ઉગાડવામાં આવે છે ? – જમ્મુ–કાશ્મીર
17. NLC ઈન્ડિયાએ તાજેતરમાં કયા રાજ્યમાં 810 મેગાવોટનો સોલર પાવર પ્રોજેક્ટ હાંસલ કર્યો છે ? – રાજસ્થાન
18. તાજેતરમાં ભારતના કયા પાડોશી દેશમાં 6.3ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો ? – અફઘાનિસ્તાન
19. તાજેતરમાં કયા રાજ્યએ 1000 કિમીના 'હાઈ–સ્પીડ ઈકોનોમિક કોરિડોર' રોડના નિર્માણને લીલી ઝંડી આપી છે ? – આસામ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**20.** સતલજ–યમુના લિંક કેનાલ વિવાદ કયા બે રાજ્ય સાથે સંકળાયેલ છે ? – પંજાબ–હરિયાણા

**21.** ઊર્જા મંત્રાલય હેઠળની એક મહારત્ન સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝ REC લિમિટેડએ _____ નામની મોબાઈલ એપ્લિકેશન શરૂ કરી છે. જે RECના 54EC કેપિટલ ગેઈન્સ ટેક્સ મુક્તિવાળા બોન્ડ્સમાં હાલના અને સંભવિત રોકાણકારો માટે વિશિષ્ટ રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે. – SUGAM REC

**22.** તાજેતરમાં સમાચારમાં રહેલ લેક લાડકી યોજના અને શેતકારી મહાસમ્માન નિધિ યોજના કઈ રાજ્ય સાથે સંબંધિત છે ? – મહારાષ્ટ્ર

**23.** તાજેતરમાં સમાચારમાં રહેલ ગેરાલ્ડ આર. ફોર્ડ યુદ્ધ જહાજ કયા દેશ સાથે સંબંધિત છે ? – અમેરિકા

**24.** તાજેતરમાં ગોવાની કઈ વસતુને GI ટેગ આપવામાં આવ્યો હતો ? – કાજુ

**25.** _____ રાજ્યએ તાજેતરમાં Orunodoi 2.0 રજૂ કર્યું છે, જે તેની ગરીબી નાબૂદી યોજનાનું અપગ્રેડેડ વર્ઝન છે. – આસામ

**26.** તાજેતરમાં રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયે સેન્ટ્રલ રોડ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (CRIF) હેઠળ _____ યોજના હેઠળ અરૂણાચલ પ્રદેશમાં સાત મોટા પુલ પ્રોજેક્ટને મંજૂરી આપી છે. – સેતુ બંધન યોજના

**27.** _____ દ્વારા તાજેતરમાં નવી હાઈ થ્રુપુટ ક્વોન્ટમ સપોર્ટેડ ગ્રીન હાઈડ્રોજન પ્રોડકશન ટેક્નોલોજી વિકસાવી છે, જે મોટા જથ્થામાં ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનને પ્રોત્સાહન આપી શકે છે. – IIT B.H.U.

**28.** _____ એ એસ્ટરોઈડ બેન્નુમાંથી એકત્રિત કરાયેલા નમૂનાઓમાં ઉચ્ચ કાર્બન સામગ્રી અને પાણીની જાળવણી સાથે માટીના ખનિજોની હાજરીની પૃષ્ઠિ કરી છે. – NASA

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# નવરાત્રી OFFER

## કોઈ પણ કોર્સ માત્ર ₹999/-

3 Months Validity | Recorded Course

Without Material

GSRTC કંડક્ટર ડ્રાઈવર — નવરાત્રી OFFER — માત્ર ₹999/- | 3 Months Validity | Recorded Course | WITHOUT MATERIAL

GPSC MASTER COURSE — નવરાત્રી OFFER — માત્ર ₹999/- | 3 Months Validity | Recorded Course | WITHOUT MATERIAL

Accountant · Auditor · Sub-Acc. · Sub-Auditor — નવરાત્રી OFFER — માત્ર ₹999/- | 3 Months Validity | Recorded Course | WITHOUT MATERIAL

2 STAR PSI — નવરાત્રી OFFER — માત્ર ₹999/- | 3 Months Validity | Recorded Course | WITHOUT MATERIAL

રક્ષક કોન્સ્ટેબલ — નવરાત્રી OFFER — માત્ર ₹999/- | 3 Months Validity | Recorded Course | WITHOUT MATERIAL

CCE (સિનિ.ક્લાર્ક, હેડ ક્લાર્ક, જૂ.ક્લાર્ક, સચિવાલય ક્લાર્ક) — નવરાત્રી OFFER — માત્ર ₹999/- | 3 Months Validity | Recorded Course | WITHOUT MATERIAL

## આ ઓફર ફક્ત 26 ઓક્ટોબર, 2023 સુધી જ

અત્યારે જ iceonline App ડાઉનલોડ કરો

Google Play | Download on the App Store

93773-01110 (10:00am to 6:00pm)



ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS
NAVRATRI
OFFER
50%
DISCOUNT
(+ કુરિયર ચાર્જ અલગથી )
આ ઓફર ફક્ત
26, ઓક્ટોબર, 2023 સુધી જ
જનરલ નોલેજ
ભારતનો ઈતિહાસ
ગુજરાતનો ઈતિહાસ
ભારતનો સાંસ્કૃતિક વારસો
ગુજરાતનો સાંસ્કૃતિક વારસો
વિજ્ઞાન અને ટેક્નોલોજી
English Grammar
ગુજરાતી વ્યાકરણ
ગુજરાતી સાહિત્ય
ગુજરાતના જિલ્લાઓ
વનરક્ષક
SUBJECT WISE
4000+ QUESTIONS & ANSWERS
GPSC
યોજના
તર્કશક્તિ
REASONING
સામાન્ય વિજ્ઞાન
આ તમામ પુસ્તક www.iceonline.in પર ઉપલબ્ધ છે.

GPSC Class 1/2, S.T.I., PI, Dy.S.O., નાયબ મામલતદાર, ચીફ ઓફિસર, PSI-ASI-કોન્સ્ટેબલ-જેલ સિપાહી, બિનસચિવાલય ક્લાર્ક, વનરક્ષક, FHW-MPHW, તલાટી, જુ.ક્લાર્ક, TET-TAT તથા ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી એપ્લિકેશન

# સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટે અત્યારે જ

Google Play પરથી iceonline DOWNLOAD કરો

OR

QR કોડ સ્કેન કરો

FREE

- E-Books
- Daily Weekly & Final Mock Test
- LECTURE PDF
- READING SCHEDULE

HIGH SCORING STRATEGY




LIVE + RECORDED BATCH

- સ્પર્ધાત્મક પરીક્ષામાં આપની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ વિષયોનો 360° અભ્યાસ
- સ્પર્ધાત્મક પરીક્ષાનો વિશેષ અનુભવ ધરાવતી વિષય નિષ્ણાત ફેકલ્ટીઓની ટીમ દ્વારા દરેક વિષયોનો ટુ ધી પોઈન્ટ અભ્યાસ
- નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેતા અદ્યતન માહિતી સાથેના લેટેસ્ટ વીડિયો લેક્ચર
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- તમામ વિષયોનો ટોપિક વાઈઝ ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવતા વીડિયો લેક્ચર

## સ્પર્ધાત્મક પરીક્ષાની સર્વશ્રેષ્ઠ તૈયારી માટે અમારી સાથે જોડાયેલા રહો

YOUTUBE ICE RAJKOT

TELEGRAM t.me/icerajkotofficial

WHATSAPP GROUP www.joinicerajkot.com

FACEBOOK ICE RAJKOT

INSTAGRAM ICE RAJKOT

TWITTER ICE RAJKOT

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા
SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT